Monday
12.12.2022
✳Volume :7 ✳ Issue No.132
✳Email.:kamalamgujarat@gmail.com
✳www.kamalamgujarat.com
✳Editor :Mahesh N. Patel:- (98249 10606)

ગતિશીલ ગુજરાત ની વિકાસ ગાથા રજૂ કરતું એકમાત્ર અખબાર...

કમલમ્

KAMALAM
ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક
Daily

RNINo.:GUJGUJ/2016/73451
PRINTED MATTER
To,

✳Managing Editor:Arjun Sondarva ✳Office: A-3, Plot No. R-13, TanishqComplex,New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 ✳Page :04✳Rs. 00.25/- ✳Annual Rs.90/-

પ્રધાનમંત્રીએ મહારાષ્ટ્રમાં રૂ. ૭૫,૦૦૦ કરોડના મૂલ્યની પરિયોજનાઓનો શિલાન્યાસ કર્યો અને રાષ્ટ્રને સમર્પિત કરી

મહારાષ્ટ્ર સમૃદ્ધિ મહામાર્ગનું ઉદ્ઘાટન કર્યું

કમલમ્ ન્યુઝ,

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ આજે મહારાષ્ટ્રમાં રૂપિયા ૭૫,૦૦૦ કરોડથી વધુના મૂલ્યની વિવિધ પરિયોજનાઓનો શિલાન્યાસ કર્યો હતોઅને કામ પૂરું થયેલી પરિયોજનાઓ રાષ્ટ્રને સમર્પિત કરી હતી. તેમાં ૧૫૦૦ કરોડથી વધુના રાષ્ટ્રીય રેલવે પ્રોજેક્ટ્સ, નેશનલ ઈન્સ્ટિટ્યુટ ઓફ વન હેલ્થ (NIO), નાગપુર અને નાગ નદી પ્રદૂષણ નિવારણ પ્રોજેક્ટ, નાગપુરનો સમાવેશ થાય છે. કાર્યક્રમ દરમિયાન, પ્રધાનમંત્રીએ 'સેન્ટ્રલ ઈન્સ્ટિટ્યુટ ઓફ પેટ્રોકેમિકલ્સ એન્જિનિયરિંગ એન્ડ ટેકનોલોજી (CIPET), ચંદ્રપુર' રાષ્ટ્રને સમર્પિત પણ કર્યું અને 'સેન્ટર ફોર રિસર્ચ, મેનેજમેન્ટ એન્ડ કંટ્રોલ ઓફ હિમોગ્લોબિનોપેથીઝ, ચંદ્રપુર'નું ઉદ્ઘાટન કર્યું હતું. દિવસની શરૂઆતમાં અગાઉ, પ્રધાનમંત્રીએ નાગપુરથી બિલાસપુર સુધી વંદે ભારત એકસપ્રેસને લીલી ઝંડી બતાવીને રવાના કરીહતી, 'નાગપુર મેટ્રો ફેઝ I'નું રાષ્ટ્રને લોકાર્પણ કર્યું હતું અને 'નાગપુર મેટ્રો ફેઝ-૨'નો શિલાન્યાસ કર્યો હતો. પ્રધાનમંત્રીએ હિંદુ હદયસમ્રાટ બાળાસાહેબ ઠાકરે મહારાષ્ટ્ર સમૃદ્ધિ મહામાર્ગના પ્રથમ તબક્કાનું પણ ઉદ્ઘાટન કર્યું હતું જે ૫૨૦ કિલોમીટરનું અંતર આવરી લે છે અને નાગપુરથી શિરડીને જોડે છે. પ્રધાનમંત્રીએ નાગપુર ખાતે નવનિર્મિત AIIMS પણ રાષ્ટ્રને સમર્પિત કર્યું હતું જેનું નિર્માણ રૂ. ૧૫૭૫ કરોડથી વધુના ખર્ચે કરવામાં આવ્યું છે. તે અત્યાધુનિક સુવિધાઓ સાથેની હોસ્પિટલ છે, જેમાં OPD, IPD, નિદાનાત્મક સેવાઓ, ઓપરેશન થિયેટર અને ૩૮ વિભાગો છે જેમાં મેડિકલ સાયન્સના તમામ મુખ્ય સ્પેશિયાલિટી અને સુપર સ્પેશિયાલિટી વિષયોને આવરી લેવામાં આવ્યા છે. આ હોસ્પિટલ મહારાષ્ટ્રના વિદર્ભ પ્રદેશમાં આધુનિક આરોગ્ય સંભાળ સુવિધાઓ પૂરી પાડે છે અને ગઢચિરોલી, ગોંદિયા તેમજ મેલઘાટની આસપાસના આદિવાસી વિસ્તારો માટે વરદાન સમાન છે. આ પ્રસંગે ઉપસ્થિતોને સંબોધન આપતા પ્રધાનમંત્રીએ સંકષ્ટી ચતુર્થીના શુભ અવસર પર શુભેચ્છા પાઠવી અને ભગવાન ગણપતિની સ્તુતિ કરી હતી. પ્રધાનમંત્રીએ એ બાબતે પ્રકાશ પાડ્યો હતો કે આ ખૂબ જ ખાસ દિવસ છે જ્યારે મહારાષ્ટ્રના નાગપુરથી વિકાસ કાર્યોના આખા ઝુમખાનો પ્રારંભ કરવામાં આવી રહ્યો છે, આ કાર્યોલોકોના જીવનમાં પરિવર્તન આવશે. તેમણે કહ્યું હતુ કે, "આજે મહારાષ્ટ્રના વિકાસ માટે અગિયાર નવા સીતારાઓનું નક્ષત્ર ઉદયમાન થઈ રહ્યું છે જે નવી ઊંચાઈ પ્રાપ્ત કરવામાં અને નવી દિશા પ્રદાન કરવામાં મદદ કરશે". તમામ ૧૧ પ્રોજેક્ટ્સની યાદી આપતાં પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે , "હવે નાગપુરથી શિરડી સુધી હિન્દુ હૃદય સમ્રાટ બાળાસાહેબ ઠાકરે મહારાષ્ટ્ર સમૃદ્ધિ મહામાર્ગ તૈયાર થઈ ગયો છે, AIIMS વિદર્ભના લોકોને ફાયદો કરશે, ચંદ્રપુરમાં ICMRના સંશોધન કેન્દ્ર નેશનલ ઈન્સ્ટિટ્યુટ ઓફ વન હેલ્થની સ્થાપના, CIPT ચંદ્રપુરની સ્થાપના, નાગ નદીના પ્રદૂષણને ઘટાડવા માટે નાગપુરમાં વિવિધ પરિયોજનાઓ, મેટ્રો તબક્કા Iનું ઉદ્ઘાટન અને બીજા તબક્કાનો શિલાન્યાસ, નાગપુરથી બિલાસપુર વચ્ચે વંદે ભારત એક્સપ્રેસનો પ્રારંભ, 'નાગપુર' અને 'અજની' રેલવે સ્ટેશનના ફરી વિકાસ માટેની પરિયોજના, અજની ખાતે ૪૨ હજાર હોર્સપાવર રેલ એન્જિનના જાળવણી ડેપોનું ઉદ્ઘાટન અને નાગપુર-ઈટારસીલાઈનનાકોહલી-નારખેડ રૂટનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું છે." પ્રધાનમંત્રીએ મહારાષ્ટ્રના લોકોને આ પૂરા કરવામાં આવેલા અને આગામી પ્રોજેક્ટ્સ માટે અભિનંદન પાઠવ્યા હતા. પ્રધાનમંત્રીએ એ બાબત પર પ્રકાશ પાડ્યો હતો કે, આજની પરિયોજનાઓ મહારાષ્ટ્રની ડબલ એન્જિન સરકાર દ્વારાકામ કરવાની ગતિનો પુરાવો આપે છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે, સમૃદ્ધિ મહામાર્ગ માત્ર નાગપુર અને મુંબઈ વચ્ચેનું અંતર નથી ઘટાડતો પરંતુ મહારાષ્ટ્રના ૨૪ જિલ્લાઓને આધુનિક કનેક્ટિવિટીથી જોડવાનું કામ પણ કરે છે. પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે તેના કારણે રોજગારીની તકોમાં વધારો કરવા ઉપરાંત, આ કનેક્ટિવિટી પરિયોજનાઓથી ખેડૂતો, યાત્રાળુઓ અને આ પ્રદેશમાં આવેલા ઉદ્યોગોને ફાયદો થશે. આ પરિયોજનાના આંતરિક આયોજન પર પ્રકાશ પાડતા પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે, આજે જે પરિયોજનાનું ઉદ્ઘાટન કરવામાં આવી રહ્યું છે તે ઈન્ફ્રાસ્ટ્રક્ચરલ ડેવલપમેન્ટની સર્વગ્રાહી દૃષ્ટિનું ચિત્ર રજૂ કરે છે. તેણે કહ્યું હતું કે, "એઈમ્સ નાગપુર હોય કે પછી સમૃદ્ધિ મહામાર્ગ હોય, વંદે ભારત એક્સપ્રેસ હોય કે નાગપુર મેટ્રો હોય, આ તમામ પ્રોજેક્ટ તેમની વિશેષતાઓમાં અલગ અલગ હોઈ શકે છે, પરંતુ જ્યારે તેમને એક ઝુમખાના રૂપમાં એકસાથે મૂકવામાં આવે છે, ત્યારે સંપૂર્ણ વિકાસનો સાર દરેક નાગરિક સુધી પહોંચશે". ડબલ એન્જિન સરકારના પ્રયાસો પર પ્રકાશ પાડતા પ્રધાનમંત્રીએ સૌનું ધ્યાન દોર્યું હતું કે, ભલે સામાન્ય માણસ માટે આરોગ્ય સંભાળની વાત હોય કે પછી સંપત્તિ સર્જનની વાત હોય, ખેડૂતને સશક્ત બનાવવાની વાત હોય કે પછી જળ સંરક્ષણનો મુદ્દો હોય, આ સૌથી પહેલી વખત એવું બન્યું છે કે સરકારે ઈન્ફ્રાસ્ટ્રક્ચરને માનવીય સ્વરૂપ આપ્યું છે જ્યાં માનવીય સ્પર્શ દરેક વ્યક્તિના જીવન પર પ્રભાવ પાડે છે. ઈન્ફ્રાસ્ટ્રક્ચરલ વિકાસના સર્વગ્રાહી વિઝનનું દૃષ્ટાંત આપતાં પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે, "આયુષ્માન ભારત યોજના અંતર્ગત દરેક ગરીબને રૂ. ૫ લાખ સુધીની સારવાર મફતમાં પૂરી પાડવામાં આવે છે તે યોજના આપણા સામાજિક ઈન્ફ્રાસ્ટ્રક્ચરનું ઉદાહરણ છે, કાશીથી માંડીને કેદારનાથ, ઉજ્જૈનથી માંડીને પંઢરપુર સુધીના આપણા આસ્થાના સ્થળોનો વિકાસ એ આપણા સાંસ્કૃતિક ઈન્ફ્રાસ્ટ્રક્ચરનું ઉદાહરણ છે, ૪૫ કરોડ કરતાં વધુ ગરીબ લોકોને બેંકિંગ સિસ્ટમ સાથે જોડી રહેલી જન ધન યોજના આપણા નાણાકીય ઈન્ફ્રાસ્ટ્રક્ચરનું ઉદાહરણ છે." તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, નાગપુર છૈંસ્જી જેવી આધુનિક હોસ્પિટલો અને મેડિકલ કોલેજો ખોલવાનું અભિયાન મેડિકલ ઈન્ફ્રાસ્ટ્રક્ચરનું ઉદાહરણ છે. તેમણે આગળ જણાવ્યું હતું કે, "ઈન્ફ્રાસ્ટ્રક્ચર એ માત્ર નિર્જીવ માર્ગો અને ફ્લાયઓવરને નથી આવરી લેતું, પરંતુ તેની વ્યાપકતા ખૂબ જ મોટી છે". પ્રધાનમંત્રીએ ગોસેખુર્દ ડેમનું ઉદાહરણ આપ્યું જેનો પાયો આજથી ત્રીસથી પાંત્રીસ વર્ષ પહેલાં નાંખવામાં આવ્યો હતો અને અંદાજે રૂ. ૪૦૦કરોડના ખર્ચે તેનું કામ પૂરુ કરવાનું હતું પરંતુ તે કામ ક્યારેય પૂર્ણ થયું જ નહોતું. શ્રી મોદીએ સૌનું ધ્યાન દોરતા કહ્યું હતું કે, હવે તે ડેમનો અંદાજિત ખર્ચ વધીને ૧૮ હજાર કરોડ રૂપિયા થઈ ગયો છે. તેમણે કહ્યું હતું કે, "૨૦૧૭માં ડબલ એન્જિનવાળી સરકાર બન્યા પછી, આ ડેમના કામમાં વેગ આવ્યો છે અને દરેક સમસ્યાનું નિરાકરણ કરવામાં આવ્યું છે." આ વર્ષે આ ડેમ સંપૂર્ણ રીતે ભરાઈ ગયો છે તે બાબતે પ્રધાનમંત્રીએ સંતોષ વ્યક્ત કર્યો હતો. પ્રધાનમંત્રીએ એ વાતનો પુનરોચ્ચાર કર્યો હતો કે, "આઝાદીના અમૃતકાળમાં, દેશ વિકસિત ભારતના મહાન સંકલ્પ સાથે આગેકૂચ કરી રહ્યો છે અને તે રાષ્ટ્રની સામૂહિક શક્તિથી આ લક્ષ્ય પ્રાપ્ત કરી શકાય છે. 'રાષ્ટ્રના વિકાસ માટે રાજ્યનો વિકાસ' એ વિકસિત ભારતના નિર્માણનો મંત્ર છે." અનુભવમાંથી શીખીને પ્રધાનમંત્રીએ ભારપૂર્વક જણાવ્યું કે જ્યારે વિકાસ મર્યાદિત હોય છે ત્યારે તકો પણ સિમિત થઈ જાય છે. પોતાની વાતને આગળ વધારતા, પ્રધાનમંત્રીએ સમજાવ્યું કે જ્યારે માત્ર પસંદગીના લોકો સુધી જ શિક્ષણ મર્યાદિત હતું, ત્યારે રાષ્ટ્રની પ્રતિભા સામે આવી શકતી ન હતી, જ્યારે થોડા લોકો સુધી જ બેંકોની પહોંચ હતી, ત્યારે વેપાર વ્યવસાય પણ મર્યાદિત હતો અને જ્યારે વધુ સારી કનેક્ટિવિટી મર્યાદિત માત્રામાં જ હતી ત્યારે માત્ર થોડાં શહેરો સુધી વૃદ્ધિ થઈ શકતી હતી અને એ પણ મર્યાદિત હદ સુધી હતી. પ્રધાનમંત્રીએ કહ્યું કે પરિણામે, ન તો દેશની મોટી વસ્તી વિકાસનો સંપૂર્ણ લાભ મેળવી રહી છે અને ન તો ભારતની વાસ્તવિક તાકાત સામે આવી રહી છે. પ્રધાનમંત્રીએભારપૂર્વક જણાવ્યું હતું કે, છેલ્લાં ૮ વર્ષમાં આ વિચાર અને અભિગમ બંને 'સબકા સાથ, સબકા વિકાસ, સબકા વિશ્વાસ અને સબકા પ્રયાસ' ના સિદ્ધાંતો સાથે બદલાયા છે. શ્રી મોદીએ ટિપ્પણી કરી હતી કે, "જે લોકો પહેલાંના સમયમાં વંચિત હતા તેઓ હવે સરકારની પ્રાથમિકતા બની ગયા છે." ખેડૂતોના નેતૃત્વમાં વિકાસના ઉદાહરણો ટાંકતા શ્રી મોદીએ ટિપ્પણી કરી હતી કે વિદર્ભના ખેડૂતોને પણ પીએમ કિસાન સન્માન નિધિનો મોટો લાભ મળ્યો છે અને તે સરકારે જ પશુપાલકોને પ્રાથમિકતા આપીને કિસાન ક્રેડિટ કાર્ડની સુવિધા સાથે જોડ્યા છે. વંચિતોને પ્રાથમિકતા આપવાની થીમ સાથે પોતાની વાતને આગળ વધારીને, પ્રધાનમંત્રીએ વિક્રેતાઓ અને ૧૦૦ થી વધુ મહત્વાકાંક્ષી જિલ્લાઓ માટે સરળ લોન જેવા પગલાંનો ઉલ્લેખ કર્યો હતો. પ્રધાનમંત્રીએ માહિતી આપી હતી કે મરાઠવાડા અને વિદર્ભના જિલ્લાઓ સહિત દેશના ૧૦૦ થી વધુ જિલ્લાઓ વિકાસના ઘણા માપદંડોમાં પાછળ છે. તેમણે કહ્યું હતું કે, "છેલ્લા ૮ વર્ષથી, અમે ઝડપી ગતિએ વિકાસ માટે આ વંચિત વિસ્તારોને ઉર્જાનાં નવા કેન્દ્રોમાં પરિવર્તિત કરવા માટે કામ કરી રહ્યા છીએ". પ્રધાનમંત્રીએ ભારતમાં શોર્ટકટની રાજનીતિના ઉદભવ વિશે પણ દરેક લોકોને ચેતવ્યા હતા. તેમણે સૌને ચેતવતા કહ્યું હતું કે રાજકીય પક્ષો માત્ર પોતાના રાજકીય સ્વાર્થ માટે કરદાતાઓએ મહેનત કરીને કમાયેલા પૈસા લૂંટી રહ્યા છે અને ખોટા વચનો આપીને સરકાર બનાવવાના ઉદ્દેશથી શોર્ટકટ અપનાવી રહ્યાછે. પ્રધાનમંત્રીએ એ વાતનો પુનરોચ્ચાર કર્યોહતો કે દેશ જ્યારે આગામી ૨૫ વર્ષમાં વિકસિત રાષ્ટ્ર બનવાની દિશામાં આગળ વધવા માટે કામ કરી રહ્યો છે, તેવા સમયે કેટલાક રાજકીય પક્ષો માત્ર પોતાના સ્વાર્થ માટે ભારતની અર્થવ્યવસ્થાને નષ્ટ કરવા માંગે છે. પ્રધાનમંત્રીએ પ્રથમ ઔદ્યોગિક ક્રાંતિનો લાભ ન ઉઠાવી શકવાની અને બીજી-ત્રીજી ઔદ્યોગિક ક્રાંતિ દરમિયાન પાછળ રહી જવાની હાથમાંથી ગુમાવેલી તકો અંગે અફસોસ વ્યક્ત કર્યો હતો. તેમણે પુનરોચ્ચાર કર્યો હતો કે, જ્યારે ચોથી ઔદ્યોગિક ક્રાંતિનો સમય આવ્યો છે ત્યારે ભારત હવે તેને ચૂકી ન શકે. શ્રી મોદીએ ટિપ્પણી કરીહતી કે, "કોઈપણ દેશ શોર્ટકટથી ચાલી શકતો નથી, દેશની પ્રગતિ માટે લાંબા ગાળાના વિઝન સાથે કાયમી ઉકેલ આપવામાં આવે તે ખૂબ જ મહત્વપૂર્ણ છે". પ્રધાનમંત્રીએ દક્ષિણ કોરિયા અને સિંગાપોર જેવા દેશોના ઉદાહરણો આપ્યા હતા કે જેમને એકસમયે ગરીબ માનવામાં આવતા હતા, પરંતુ તેઓ ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં તેજી સાથે પોતાનું ભાગ્ય બદલવામાં સફળ થયા હતા અને હવે અર્થતંત્રના વિશાળ કેન્દ્રો બની ગયા છે. તેમણે પુનરોચ્ચાર કર્યો હતો કેસમયની જરૂરિયાત એ છે કે સરકારી તિજોરીનો દરેક પૈસો યુવા પેઢીના ઉજ્જવળ ભવિષ્યના નિર્માણ માટે ખર્ચવામાં આવે. પ્રધાનમંત્રીએ 'ઓછું કમાવું, વધુ ખર્ચ કરવો'ની નીતિ અપનાવતા સ્વાર્થી રાજકીય પક્ષોને ઉઘાડા પાડી દેવાની દેશના યુવાનો અને કરદાતાઓને વિનંતી પણ કરી હતી. પ્રધાનમંત્રીએ વિશ્વના એવા ઘણા દેશો પર પ્રકાશ પાડ્યો હતો કે જ્યાં આવી ખરાબ નીતિઓ ઘડવાના કારણે સમગ્ર અર્થવ્યવસ્થા પડી ભાંગી હતી. બીજી તરફ, પ્રધાનમંત્રીએ દેશમાં દીર્ઘકાલિન વિકાસ અને દીર્ઘકાલિન ઉકેલોના પ્રયાસો પ્રત્યે લોકોના સમર્થન પર આનંદ વ્યકત કર્યો હતો. પ્રધાનમંત્રીએ ઉમેર્યું હતું કે, "ગુજરાતની ચૂંટણીના પરિણામો કાયમી વિકાસ અને કાયમી ઉકેલની આર્થિક નીતિનું પરિણામ છે". મહારાષ્ટ્રના મુખ્યમંત્રીશ્રી એકનાથ શિંદે, મહારાષ્ટ્રના રાજ્યપાલ શ્રી ભગત સિંહ કોશ્યારી, મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી શ્રી દેવેન્દ્ર ફડણવીસ તેમજ કેન્દ્રીય માર્ગ પરિવહન અને ધોરીમાર્ગ મંત્રી શ્રી નીતિન ગડકરી આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા.

"આજે મહારાષ્ટ્રના વિકાસ માટે અગિયાર નવા તારલાઓના નક્ષત્રનો ઉદય થઇ રહ્યો છે"

"ઇન્ફ્રાસ્ટ્રક્ચર ફક્ત નિર્જીવ માર્ગો અને ફ્લાયઓવરને નથી આવરી લેતું, પરંતુ તેની વ્યાપકતા ખૂબ જ મોટી છે"

નાગપુર મેટ્રો

શહેરી ગતિશીલતામાં ક્રાંતિ લાવનારા વધુ એક પગલાં તરીકે, પ્રધાનમંત્રીએ 'નાગપુર મેટ્રો તબક્કો I' રાષ્ટ્રને સમર્પિત કર્યો હતો. તેમણે ખાપરી મેટ્રો સ્ટેશન પર ખાપરીથી ઓટોમોટિવ સ્કવેર (ઓરેન્જ લાઈન) અને પ્રજાપતિ નગરથી લોકમાન્ય નગર (એક્વા લાઈન) - બે મેટ્રો ટ્રેનોને પણ રવાના કરાવી હતી. નાગપુર મેટ્રોનો પ્રથમ તબક્કો રૂ. ૮૬૫૦ કરોડથી વધુના ખર્ચે તૈયાર કરવામાં આવ્યો છે. પ્રધાનમંત્રીએ નાગપુર મેટ્રો ફેઝ-૨નો પણ શિલાન્યાસ પણ કર્યો હતો. રૂ. ૬૭૦૦ કરોડથી વધુના ખર્ચે આ તબક્કાનો વિકાસ કરવામાં આવશે.

રેલવે પરિયોજનાઓ

નાગપુર રેલવે સ્ટેશન ખાતે, પ્રધાનમંત્રીએ વંદે ભારત એક્સપ્રેસને લીલી ઝંડી બતાવીને રવાના કરી હતી જે નાગપુર અને બિલાસપુર વચ્ચે દોડશે.પ્રધાનમંત્રીએ નાગપુર રેલવે સ્ટેશનઅને અજનીરેલવે સ્ટેશનના પુનઃવિકાસ માટે અનુક્રમે રૂ. ૫૯૦ કરોડ અને રૂ. ૩૬૦ કરોડના ખર્ચે થનારા કાર્યોનો શિલાન્યાસ પણ કર્યો હતો. પ્રધાનમંત્રીએ અજની (નાગપુર) ખાતે સરકારી જાળવણી ડેપો અને નાગપુર-ઈટારસી થર્ડ લાઈન પ્રોજેક્ટનુ કોહલી-નરખેર સેક્શન રાષ્ટ્રનેલોકાર્પિત કર્યા હતા. આ પ્રોજેક્ટ્સ અનુક્રમે આશરે રૂ. ૧૧૦ કરોડઅને રૂ. ૪૫૦ કરોડના ખર્ચે તૈયાર કરવામાં આવ્યા છે.

સમૃદ્ધિ મહામાર્ગ

પ્રધાનમંત્રીએ હિન્દુ હદયસમ્રાટ બાળાસાહેબ ઠાકરે મહારાષ્ટ્ર સમૃદ્ધિ મહામાર્ગના પ્રથમ તબક્કાનું ઉદ્ઘાટન કર્યું હતું. આ તબક્કામાં નાગપુર અને શિરડીને તોડતા ૫૨૦ કિલોમીટરનો માર્ગ છે. સમૃદ્ધિ મહામાર્ગ અથવા નાગપુર-મુંબઈ સુપર કોમ્યુનિકેશન એક્સપ્રેસ-વે પ્રોજેક્ટ એ સમગ્ર દેશમાં કનેક્ટિવિટી અને ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં સુધારો કરવાની પ્રધાનમંત્રીની દૂરંદેશીને સાકાર કરવાની દિશામાં લેવાયેલું એક મોટું પગલું છે. ૭૦૧ કિલોમીટરનો એક્સપ્રેસ-વે લગભગ રૂ. ૫૫,૦૦૦ કરોડના ખર્ચે બાંધવામાં આવી રહ્યો છે જે ભારતનો સૌથી લાંબો એક્સપ્રેસ-વે છે. મહારાષ્ટ્રના ૧૦ જિલ્લાઓ અને અમરાવતી, ઔરંગાબાદ અને નાસિકના જેવા અગ્રણી શહેરી વિસ્તારોમાંથી આ એક્સપ્રેસ-વે પસાર થાય છે. આ એક્સપ્રેસ-વે સંલગ્ન અન્ય ૧૪ જિલ્લાઓ સાથે કનેક્ટિવિટી સુધારવામાં પણ મદદ કરશે, આમ વિદર્ભ, મરાઠવાડા અને ઉત્તર મહારાષ્ટ્રના પ્રદેશો સહિત રાજ્યના લગભગ ૨૪ જિલ્લાઓના વિકાસમાં તેનાથી મદદ મળશે. પીએમ ગતિ શક્તિ હેઠળ ઈન્ફ્રાસ્ટ્રક્ચર કનેક્ટિવિટી પરિયોજનાઓના એકીકૃત આયોજન અને સંકલિત અમલીકરણ ની પ્રધાનમંત્રીની દૂરંદેશીને સમર્થન આપતો, સમૃદ્ધિ મહામાર્ગ દિલ્હી મુંબઈ એક્સપ્રેસ-વે, જવાહરલાલ નેહરુ પોર્ટ ટ્રસ્ટ અને અજંતા ઈલોરાની ગુફાઓ, શિરડી, વેરુલ, લોનાર વગેરે જેવા પર્યટનના સ્થળોને જોડશે. સમૃદ્ધિ મહામાર્ગ મહારાષ્ટ્રના આર્થિક વિકાસને મોટો વેગ આપવા માટે ગેમ-ચેન્જર પુરવાર થશે.

એઈમ્સ- નાગપુર

નાગપુરમાં નિર્મિત એઈમ્સનું રાષ્ટ્રનેલોકાર્પણ કરવાથી સમગ્ર દેશમાં સ્વાસ્થ્ય સંબંધિત ઈન્ફ્રાસ્ટ્રક્ચરનેમજબૂત બનાવવાની પ્રધાનમંત્રીની પ્રતિબદ્ધતા વધુ મજબૂત બનશે. આ હોસ્પિટલનો શિલાન્યાસ પણ પ્રધાનમંત્રી દ્વારા જુલાઈ ૨૦૧૭માં કરવામાં આવ્યો હતો. તેની સ્થાપના કેન્દ્રીય ક્ષેત્રની યોજના પ્રધાનમંત્રી સ્વાસ્થ્ય સુરક્ષા યોજના હેઠળ કરવામાં આવી છે. એઈમ્સ, નાગપુરનું નિર્માણ રૂ. ૧૫૭૫ કરોડથી વધુના ખર્ચે કરવામાં આવી રહ્યું છે, જે અત્યાધુનિક સુવિધાઓ સાથેની હોસ્પિટલ છે. આ હોસ્પિટલમા OPD, IPD, નિદાનાત્મક સેવાઓ, ઓપરેશન થિયેટર અને મેડિકલ સાયન્સના તમામ મુખ્ય સ્પેશિયાલિટી અને સુપર સ્પેશિયાલિટી વિષયોને આવરી લેતા ૩૮ વિભાગો છે. આ હોસ્પિટલ મહારાષ્ટ્રના વિદર્ભ પ્રદેશમાં આધુનિક આરોગ્ય સંભાળ સુવિધાઓ પૂરી પાડે છે અને ગઢચિરોલી, ગોંદિયા અને મેલઘાટની આસપાસના આદિવાસી વિસ્તારો માટે વરદાન સમાન છે.નેશનલઈન્સ્ટિટ્યુટ ઓફ વન હેલ્થ, નાગપુર પ્રધાનમંત્રી દ્વારા નેશનલ ઈન્સ્ટિટ્યુટ ઓફવન હેલ્થ (NIO), નાગપુર માટે શિલાન્યાસ કરવામાં આવ્યો છે જે 'એક સ્વાસ્થ્ય' (વન હેલ્થ) અભિગમ હેઠળ દેશમાં ક્ષમતા અને માળખાકીય સુવિધાઓના નિર્માણની દિશામાં લેવાયેલું એક પગલુંછે. 'એક સ્વાસ્થ્ય' અભિગમ એ વાતને માન્યતા આપે છે કે મનુષ્યનું સ્વાસ્થ્ય પ્રાણીઓ અને પર્યાવરણના સ્વાસ્થ્ય સાથે જોડાયેલું છે. આ અભિગમએ વાતની પ્રશંસા કરે છે કે મનુષ્યોને અસર કરતા મોટાભાગના ચેપી રોગો ઝૂનોટિક (પ્રાણીથી મનુષ્યમાં ફેલાતા) પ્રકૃતિના છે. રૂપિયા ૧૧૦ કરોડથી વધુના ખર્ચે સ્થાપવામાં આવી રહેલી આ સંસ્થા તમામ હિતધારકો સાથે સહયોગ અને સંકલન કરશે અને સમગ્ર દેશમાં 'એક સ્વાસ્થ્ય' અભિગમમાં સંશોધન અને ક્ષમતા નિર્માણને સુધારવા માટે ઉત્પ્રેરક તરીકે કામ કરશે.

અન્ય પરિયોજનાઓ

પ્રધાનમંત્રીએ નાગપુર ખાતે નાગ નદીના પ્રદૂષણમાં ઘટાડો કરવા માટેની પરિયોજનાનો શિલાન્યાસ કર્યો હતો. આ પરિયોજના નેશનલ રિવર કન્ઝર્વેશન પ્લાન (NRCP) હેઠળ રૂ. ૧૯૨૫ કરોડથી વધુના ખર્ચે કાર્યરત થશે. વિદર્ભ પ્રદેશમાં અને તેમાં પણ ખાસ કરીને આદિવાસી વસ્તીમાં સિકલ સેલ રોગનો વ્યાપ અન્ય વિસ્તારોની સરખામણીએ વધારે છે. થેલેસેમિયા અને HbE જેવા અન્ય હિમોગ્લોબીનોપેથી સાથે આ રોગ દેશમાં નોંધપાત્ર રીતે રોગના બોજનું કારણ બને છે. આ મુદ્દાનો ઉકેલ લાવવા માટે, પ્રધાનમંત્રીએ ફેબ્રુઆરી ૨૦૧૯માં 'સેન્ટર ફોર રિસર્ચ, મેનેજમેન્ટ એન્ડ કંટ્રોલ ઓફ હિમોગ્લોબિનોપેથીઝ, ચંદ્રપુર' નો શિલાન્યાસ કર્યો હતો. પ્રધાનમંત્રીએ આ કેન્દ્ર હવે રાષ્ટ્રને સમર્પિત કર્યું છે. દેશમાં હિમોગ્લોબીનોપેથીના ક્ષેત્રમાં આવિષ્કારી સંશોધન, ટેકનોલોજી વિકાસ અને માનવ સંસાધન વિકાસ માટે શ્રેષ્ઠતા માટે કેન્દ્ર તૈયાર કરવાની કલ્પના સાથે આ કેન્દ્રની સ્થાપના કરવામાં આવી છે. પ્રધાનમંત્રીએ ચંદ્રપુર ખાતે સેન્ટ્રલ ઈન્સ્ટિટ્યુટ ઓફ પેટ્રોકેમિકલ્સ એન્જિનિયરિંગ એન્ડ ટેકનોલોજી (COPET) પણ રાષ્ટ્રને સમર્પિત કર્યું હતું. આ સંસ્થાનો ઉદ્દેશ પોલિમર અને તેની સાથે સંકળાયેલા ઉદ્યોગોની જરૂરિયાતોને પહોંચી વળવા માટે કુશળ માનવ સંસાધન તૈયાર કરવાનો છે.

આજે ગુજરાત વિધાનસભા ચૂંટણીમાં ભાજપની રેકોર્ડ બ્રેક વિજય બાદ ભવ્ય શપથ ગ્રહણ સમારોહ

કમલમ્ ન્યુઝ, ગાંધીનગર

ગુજરાત વિધાનસભા ૨૦૨૨ ની ચુંટણીમાં ભાજપની રેકોર્ડ બ્રેક વિજય થયા બાદ આજે સોમવાર ૧૨ ડિસેમ્બર, ૨૦૨૨ ના રોજ પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી, કેન્દ્રીય ગૃહ મંત્રી અમિતભાઈ શાહ, ગુજરાત ના રાજ્યપાલશ્રી દેવવ્રત આચાર્ય અને ભાજપ શાસિત રાજ્યોના મુખ્યમંત્રીઓ અને નેતાઓ ની અમૂલ્ય હાજરી માં ભૂપેન્દ્રભાઈ પટેલ નો મુખ્યમંત્રી તરીકે શપથ ગ્રહણ સમારોહ ગાંધીનગર માં સચિવાલય હેલિપેડ ગ્રાઉન્ડ, સરદાર ભવન સંકુલ નવા સચિવાલય ખાતે યોજાશે, આ સમારોહ માં જીત મેળવેલ તમામ ધારાસભ્યો, ભાજપ ના કાર્યકર્તાઓ, ની હાજર રહશે.

તંત્રી સ્થાનેથી......

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ આજે નાગપુરમાં એઈમ્સ રાષ્ટ્રને સમર્પિત કરી હતી. પ્રધાનમંત્રીએ નાગપુર એઈમ્સ પ્રોજેક્ટ મોડલ પણ ચાલીને નિહાળ્યું હતું અને આ પ્રસંગે પ્રદર્શિત થયેલી માઈલસ્ટોન એક્ઝિબિશન ગેલેરીનું અવલોકન પણ કર્યું હતું. નાગપુરમાં એઈમ્સ દેશને સમર્પિત કરીને સમગ્ર દેશમાં સ્વાસ્થ્ય સાથે સંબંધિત માળખાગત સુવિધાઓને મજબૂત કરવાની પ્રધાનમંત્રીની કટિબદ્ધતાને મજબૂત કરવામાં આવશે. જુલાઈ, ૨૦૧૭માં પ્રધાનમંત્રીએ આ હૉસ્પિટલનો શિલાન્યાસ પણ કર્યો હતો, જેની સ્થાપના કેન્દ્રીય ક્ષેત્રની યોજના પ્રધાનમંત્રી સ્વાસ્થ્ય સુરક્ષા યોજના હેઠળ થઈ છે. એઈમ્સ નાગપુરને રૂ. ૧૫૭૫ કરોડથી વધુના ખર્ચે વિકસાવવામાં આવી રહી છે, જે અત્યાધુનિક સુવિધાઓ ધરાવતી હૉસ્પિટલ છે, જેમાં ઓપીડી, આઈપીડી, નિદાન સેવાઓ, ઓપરેશન થિયેટરો અને મેડિકલ સાયન્સના તમામ મુખ્ય સ્પેશિયાલિટી અને સુપર સ્પેશિયાલિટી વિષયોને આવરી લેતા ૩૮ વિભાગો છે. આ હૉસ્પિટલ મહારાષ્ટ્રનાં વિદર્ભ ક્ષેત્રને આધુનિક આરોગ્ય સંભાળ સુવિધાઓ પ્રદાન કરે છે અને તેની આસપાસના ગઢચિરોલી, ગોંદિયા અને મેલઘાટ જેવા આદિવાસી વિસ્તારો માટે વરદાનરૂપ છે. પ્રધાનમંત્રીની સાથે મહારાષ્ટ્રના મુખ્યમંત્રી શ્રી એકનાથ શિંદે, મહારાષ્ટ્રના રાજ્યપાલ શ્રી ભગતસિંહ કોશ્યારી, મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી શ્રી દેવેન્દ્ર ફડણવીસ અને કેન્દ્રીય માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રી શ્રી નીતિન ગડકરી ઉપસ્થિત રહ્યા હતા.

કમલમ્ ન્યુઝ,

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ મહાકવિ ભર્તુહરી, સુબ્રમણિયા ભારતીને તેમની જયંતી પર શ્રદ્ધાંજલિ આપી છે. પ્રધાનમંત્રીએ ટ્વીટ કર્યું; "હું મહાન સુબ્રમણિયા ભારતીને તેમની જયંતી પર નમન કરું છું. 'મહાકવિ ભર્તુહરી' નોંધપાત્ર હિંમત અને ઉત્કૃષ્ટ બુદ્ધિને મૂર્તિમંત કરે છે. તેઓ ભારતના વિકાસ અને દરેક ભારતીયના સશક્તિકરણ માટે ભવ્ય દ્રષ્ટી ધરાવતા હતા. અમે વિવિધ ક્ષેત્રોમાં તેમના વિચારોને સાકાર કરવા માટે કામ કરી રહ્યા છીએ.

નીતિન ગડકરીએ જાહેરાત કરી

ટોલ ટેક્સના નિયમોમાં મોટા ફેરફાર

કમલમ્ ન્યુઝ,નવીદિલ્હી

હાઈવે પર મુસાફરી કરી રહેલા યાત્રીઓ માટે ખુશખબર આવી રહીછે. સરકારે ટોલ ટેક્સને લઈને ટૂંક સમયમાં નવા નિયમ લાવી શકે છે. રોડ પરિવહન અને રાજમાર્ગ મંત્રી નીતિન ગડકરીએ કહ્યું કે, વર્ષ ૨૦૨૪ પહેલા દેશમાં ૨૬ ગ્રીન એક્સપ્રેસ વે તૈયાર થઈ જશે અને ભારત રોડ મામલે અમેરિકાની બરાબર થઈ જશે. આ હાઈવે માર્ગ મુસાફરોને સફર કરવામાં સરળતા જ નહીં, ટોલ ટેક્સના નિયમોમાંપણ ફેરફાર થઈ શકે છે. કેન્દ્રીય મંત્રીએ એવું પણ કહ્યું કે, આવનારા દિવસોમાં ટોલ ટેક્સ વસૂલવા માટે નવી ટેકનિક લોન્ચ થઈ શકે છે. નીતિન ગડકરીએ કહ્યું કે, ટોલ વસૂલવા માટે બે વિકલ્પ પર વિચાર કરવામાં આવી રહ્યો છે. પહેલો વિકલ્પ એ છે કે, કારમાં જીપીએસ સિસ્ટમ લગાવાની છે, જ્યારે બીજો વિકલ્પ આધુનિક નંબર પ્લેટ સાથે જોડાયેલ છે. તેનાથી કાર ચલાવતા લોકોને મોટી સુવિધા મળશે. હવે ભારતના રોડ ટ્રાન્સપોર્ટ મિનિસ્ટર ભારતની ટોલ સિસ્ટમ બદલવા માટે ઘણા વિકલ્પોશોધી રહ્યાછે અને આ બધી સિસ્ટમમાં જીપીએસ ટોલ સિસ્ટમ અને નવી નંબર પ્લેટ સિસ્ટમ લાગુ કરવાની વાત ચાલીરહી છે. નીતિન ગડકરીએ કહ્યું કે, હાલમાં અમારી પાસે ટોલ વસૂલવાની સિસ્ટમ છે, પરંતુ અમે બે વિકલ્પો પર કામ કરી રહ્યા છીએ. જેમાં વિકલ્પ એ છે કે સેટેલાઈટ આધારિત ટોલ-સિસ્ટમ જેમાં કારમાં જીપીએસ લગાવવામાં આવશે અને તેમાંથી ટોલ કપાશે. હવે નવા પ્રકારની નંબર પ્લેટ બનાવવાની ટેકનોલોજી પર કામ શરૂ થઈ ગયું છે. હવે ઉત્પાદકે આ નંબર પ્લેટ લગાવવી ફરજિયાત રહેશે. તમામ જૂની નંબર પ્લેટોને નવી નંબર પ્લેટથી બદલવામાં આવશે, જેમાં નંબર પ્લેટમાં ઓટો ફીટ જીપીએસ સિસ્ટમ હશે. નવી નંબર પ્લેટ સાથે એક સોફ્ટવેર જોડવામાં આવશે, જેમાંથી ટોલ આપોઆપ કપાશે. આનાથી લાંબી લાઈનોમાંથી છૂટકારો મળશે અને સાથે જ તમારે કામની મુસાફરી માટે ઓછા પૈસા ચૂકવવા પડશે. તેનાથી ઉલ્ટા આજના સમયમાં ટૂંકા અંતરના રસ્તાના ઉપયોગ પર વધુ ટોલ ચૂકવવો પડે છે.

ટ્વિટર બ્લૂ થશે રીલોન્ચ

આઈફોન યુઝર્સને લાગશે મોટો ઝટકો

કમલમ્ ન્યુઝ,નવીદિલ્હી

ટ્વિટર સબ્સક્રિપ્શન સર્વિસ 'ટ્વિટર બ્લૂ' વાપસી માટે તૈયાર છે. તેને આગામી અઠવાડીયે લોન્ચ કરવામાં આશે. આ સર્વિસ માટે વેબ ટ્વિટર યુઝર્સને ઈ૮દર મહિને ચુકવવા પડશે. જો કે, આઈઓએસ યુઝર્સ માટે તે થોડુ મોંઘુ રહેશે. કંપનીએ જાહેરાત કરી છે કે, આઈઓએસ યુઝર્સ માટે ટ્વિટર બ્લૂની સર્વિસ ઈ૧૧ દર મહિને રહેશે. આપને જણાવી દઈએ કે, નવેમ્બરની શરુઆતમાં ટ્વિટરે ટ્વિટર બ્લૂની શરુઆત કરી હતી. પણ ફેક અકાઉન્ટની સંખ્યા વધવાના કારણે તેને બંધ કરી દેવામાં આવી હતી. ત્યાર બાદ ૨૯ નવેમ્બરે તેને લોન્ચ કરવાની વાત થઈ હતી, પણ ડેટ આગળ વધારી દીધી હતી. ટ્વિટર યુઝર્સ આ સર્વિસના માધ્યમથી પોતાના ટ્વિટ એડિટ કરવા અને ૧૦૮૦નો વીડિયો સબમિટ કરવામાં સક્ષમ હશે. આ ઉપરાંત તેમને અકાઉન્ટ વેરિફિકેશન માટે બ્લૂ ચેક માર્ક મળશે. તો વળી સરકારી ટ્વિટર હેંડલ માટે ચેક માર્ક ગ્રે કલર અને વ્યવસાયો માટે ગોલ્ડ કલર હશે. આઈઓએસ યુઝર્સ માટે ચાર્જ કેમ વધારે ? તે જાણી લો... કંપનીએ ટ્વિટ કરીને કહ્યું કે, અમે ટ્વિટર બ્લૂને સોમવારે રીલોન્ચ કરી રહ્યા છીએ.

વેબના સબસ્ક્રાઈબર્સને બ્લૂ ચેકમાર્ક અને સબસ્ક્રાઈબર ઓનલી ફીચર માટે ઈ૮ પ્રતિમાસ અને આઈઓએસ યુઝર્સને ઈ૧૧ દર મહિને ચુકવવાપડશે. જો કે, ટ્વિટરે આ વાત સ્પષ્ટ નથી કરી કે, એપલના ગ્રાહકોને અન્ય યુઝર્સની સરખામણીમાં વધારે ચાર્જ કેમ આપવો પડશે. પ્રાપ્ત વિગતો અનુસાર જોઈએ તો, ટ્વિટર એપ સ્ટોર સાથે જોડાયેલી કોસ્ટનું બેલેન્સ કરવા માટે આવું કરી રહ્યાછે. મસ્ક અને એપલની વચ્ચે ગત મહિને તણાવના સમાચાર આવ્યા હતા. હકીકતમાં મસ્કે એપલ પર બરાબરના પ્રહારો કર્યા હતા. મસ્કે

કહ્યું કે, એપ સ્ટોર પર આ એપ પરચેઝ માટે સોફ્ટવેર ડેવલપરથી એપલ ૩૦ ટકા ફીની માગ કરે છે. મસ્કે એવું પણ કહ્યું હતું કે, એપલે ટ્વિટરને એપસ્ટોરથી હટાવાની ધમકી આપી છે. આ ઉપરાંત એપલે ટ્વિટર પર જાહેરાત આપવાનું બંધ કરી દીધું છે. જો કે, બાદમાં એપ્પલના સીઈઓ ટિમ કુક સાતે તેમને બેઠક કરી અને ત્યાર બાદ કહ્યું કે, એપલ એપસ્ટોરથી ટ્વિટરને ડિલીટ કરવા સંબંધી કંફ્યૂઝન દૂર થઈ ગઈ છે અને મુદ્દાનું સમાધાન થઈ ગયું છે.

કમલમ્ ન્યુઝ,અમરનાથ જગતાપ

ડાંગ જીલ્લાનાં અંતરીયાળ ગામોની મહિલા ભગિની માટે વલસાડ થી આવેલા હનુમાન ગૃપ ના ટ્રસ્ટીઓ,પદાધિકારીનાં દાતાઓ અને સ્વ-સ્વરુપ ડાંગનાસહયોગથી ડાંગજીલ્લાના જુદા-જુદા અંતરીયાળ ગામોથી ઉપસ્થિત બહેનો ને ૩૦૦થી વધુ સાડીનું વિનામુલ્ય વિતરણ કરવામાં આવ્યુ,વલસાડથી ઉપસ્થિત લક્ષ્મી બારોટ દ્વારા ઉપસ્થિત બહેનોને મહિલાશક્તિ વિશે તથા સંસ્કૃતિ રક્ષણ, ધર્મરક્ષણ,કરતા કરતા સંસાર કેવી રીતે કરવો વગેરે બાબતોનુ ઉદાહરણ સહિત માર્ગદર્શન કરવામાં આવ્યુ સૌ ભકતો એ મહાપ્રસાદ લઈને ધન્યતા અનુભવી

પ્રાંતિજ ગૌ શાળા ની ગાયો ને ગોળ ખવડાવવામા આવ્યો

એકલવ્ય ફાઉન્ડેશન દ્વારા ગાયો ને ગોળ ખવડાવવામા આવ્યું

કમલમ્ ન્યુઝ,મનુભાઈ નાયી.

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે આવેલ ગૌ શાળાની ગાયો ને ગોળ ખવડાવવામા આવ્યો હતો પ્રાંતિજ ખાતે કાર્યરત એકલવ્ય ફાઉન્ડેશન દ્વારા પ્રાંતિજ ના કતપુર-લીમલા રોડ ઉપર આવેલ ગૌ શાળા ની ગાયોને ગોળ ખવડાવવામા આવ્યો હતો જેમા મંગલોદય સેવા પ્રતિષ્ઠાન ના અધ્યક્ષ મહંત સુનીલદાસજી મહારાજ તથા એકલવ્ય ફાઉન્ડેશન ના અધ્યક્ષ હાર્દિકભાઈ બ્રહ્મભટ્ટ તથા આરબ સોની ઉપસ્થિત રહ્યા

છોટા ઉદેપુર જિલ્લાના વાધીયા મહુડા ગામનો ભુવો ઉર્ફે જયુ માતાજીનો પરિચય

કાળકામા અને દશામાનો ભુવો જયેશ નરસિંહભાઈ ભીલ ઉર્ફે જયુ માતાજી (સ્ત્રીનો પહેરવેશમાં)

કમલમ્ ન્યુઝ,

- છેલ્લા પાંચ વર્ષથી દુઃખ–દર્દ, અસાધ્ય રોગ, બાધા–ટેક, જુવારા (વાડી), નિઃસંતાનને સંતાન પ્રાપ્તિ, ધંધો, પતિ–પત્નિના ઝઘડા, પિડીત લોકોની હકિકત જાણી જોવાનું, દુઃખ–દર્દ મટાડવાનું કામ કરે છે. પ્રારંભમાં જુવાર વાડીના નામે ત્રણ હજારથી પંદર હજારની ફી વસુલે છે. બાધા–ટેકના નામે એક લાખ રૂપિયા પડાવે છે.
- ઘરમાં માતાજીનું સ્થાનક દશામા–કાળકામા–અંબેમાનું બનાવી દર રવિવાર, મંગળવારે મંડપ નાખી જોવાનું કામ કરે છે. શુકલ પક્ષના ૮ આઠમે વિશેષ ધાર્મિક કાર્યક્રમો રાખે છે. માનવ મહેરામણ, ભજન–ધૂન–કર્તનિની રમઝટ બોલાવે છે.
- જયુ માતાજી પોશાકમાં મહિલા–સ્ત્રીનો પહેરવેશ ધારણ કરી ધૂણવાનું, જવાબ આપવાનું, આરતી ઉતારી લોકોને પ્રભાવિત કરે છે.
- જયુ માતાજીને ઘરના સદસ્યો, બે–ચાર સેવકો મદદ કરી, પ્રચાર કરી લોકોને આકર્ષે છે.
- જયુ માતાજીના ઘરની પાછળના ભાગે મંદિર બનાવવાનું કામ ચાલુ છે તેના ફંડ–ફાળા ઉઘરાવવામાં આવે છે.
- ઘરની બાજુની જમીનમાંથી સ્વંયભુ સોના–ચાંદીની મૂર્તિ કાઢી લોકોમાં પ્રચાર કરી આસ્થા સાથે ચેડા કરે છે, ચમત્કારિક વાતો કરી મૂર્તિના નામે રૂપિયા ઉઘરાવવામાં આવે છે. મૂર્તિ કાઢવાનું તૂતની ખબર આખા ગામને પડી જતા ખાનગીમાં શ્રધ્ધાળુઓને ભરમાવે છે.
- જયુ માતાજી ખાસ કરીને પીડિત મહિલાઓને આશિર્વાદ આપતી વખતે વાંસના ભાગે હાથ ફેરવી વિકૃત હરકત કરે છે, જે વિડીયોમાં જોઈ શકાય છે.
- વારંવાર ધૂણવું – મોટો અવાજ કરવો, તે ટેવ છે. ત્રાસી નજરે મહિલાઓ સામે વારંવાર જોઈ, ટાર્ગેટ બનાવેછે.
- જયુ માતાજીના ધાર્મિક ત્રાસથી બાજુમાં સરકારી સ્કૂલના બાળકોને અભ્યાસમાં ખલેલ પહોંચે છે પરંતુ ધાર્મિક બાબત હોય કોઈ બોલી શકતું નથી.
- ચાંદીની મૂર્તિ જમીનમાંથી નીકળી ન હતી તેને વેચાતી લાવનાર સાગ્રીત શખ્સનું નામ જાહેર થઈ ગયું છે.
- લોકોમાં અંધશ્રધ્ધા ફેલાવી માત્ર પોતાના ફાયદા માટે ધાર્મિક આયોજનો કરે છે. ગામના લોકોને જયુ માતાજી ધતિંગ કરતો હોય બે ભાગમાં શ્રધ્ધાળુઓ વહેંચાઈ ગયા છે.
- વિજ્ઞાન જાથાની ટીમ અત્યારે જયુ માતાજીના પર્દાફાશના કામમાં રોકાયેલી છે. અમો તેમને નસવાડી પોલીસ સ્ટેશને લઈ જઈએ છીએ. ધતિંગલીલા બંધની ખાત્રી આપી છે.

પ્રાંતિજ ના યજમાન પદે ૩૩ મો આંતર કોલેજ ખેલકૂદ રમતોત્સવ નો હિંમતનગર ખાતે પ્રાંરભ

ઉત્તર ગુજરાત યુનિવર્સિટીનો ૩૩મો આંતર કોલેજ ખેલકૂદ રમતોત્સવ નો પ્રારંભ થયો

૧૧૭ કોલેજ ના ૧૦૮૧ વિદ્યાર્થીઓએ ભાગ લીધો

કમલમ્ ન્યુઝ,
મનુભાઈ નાયી

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે આવેલ શ્રીમતી એમ.સી.દેસાઈ આર્ટસએન્ડ કોમર્સ કોલેજ પ્રાંતિજના યજમાનપદે ૩૩ મોઆંતર કોલેજખેલકૂદ રમતોત્સવ હિંમતનગર ખાતે પ્રારભ થયો હતો હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી પાટણ દ્વારા આયોજીત અને શ્રીમતી એમ.સી.દેસાઈ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ પ્રાંતિજ ના યજમાન પદે ૩૩ મો આંતર કોલેજ ખેલકૂદ રમતોત્સવ હિંમતનગર નાસાબર સ્ટેડિયમ માં યોજાયો હતો જેમા તા.૧૦ ડીસેમ્બર થી ૧૩ ડિસેમ્બર ૨૦૨૨ સુધી ચાલનાર આ રમતોત્સવ નુ ઉદ્ઘાટન હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી પાટણ ના કુલપતિ પ્રો.જાબાલી જે.વોરાના અધ્યક્ષ પદે યોજાયો હતો તો પ્રો. રોહિત કુમાર દેસાઈ તેમજ પ્રાંતિજ અધ્યાપક સમાજ પ્રાંતિજ ના પ્રમુખ પ્રા.કે.એસ.શાસ્ત્રી તેમજ હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી પાટણ ના બોર્ડ ઓફ ચેરમેન શૈલેષભાઈ પટેલ અને હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી પાટણ શારિરીક શિક્ષણ અને યુવા કલ્ચર પ્રવૃતિ ના ડાયરેક્ટર પ્રો.ડૉ ચિરાગ એ.પટેલ ઉપસ્થિત રહ્યા હતા આ રમતોત્સવ મા ૧૧૭ કોલેજ ના ૧૦૮૧ વિધાર્થીઓએ દોડ, કૂદ અને ફેંક જેવી વિવિધ સ્પર્ધાઓમા ભાગ લીધો હતો જેમા ૮૦૦ મીટર દોડ ભાઈઓમા ઠાકોર વીરસંગજી ચંપુજી ડીસા કોલેજ પ્રથમ તો ૮૦૦ મીટર દોડ બહેનોમા રબારી સતી લાખાભાઈ હિંમતનગર કોલેજ પ્રથમ નંબર આવેલ તો ૧૦૦૦ મી દોડ મા ચૌધરી હિતેશ કુમાર ફલજીભાઈ ઉઝા કોલેજ પ્રથમ તો બહેનો મા ૧૦૦૦ મીટર દોડ મા બુંબાડીયા અંજનાબેન રોહિત ભાઈ ઈડર કોલેજ નો પ્રથમનંબર આવ્યો હતો

જયારે હાઈજંપ ભાઈઓમા ઠાકોર અરવિંદ કુમાર અનુકજી ગઢ કોલેજ નો પ્રથમ નંબર આવ્યો હતો જયારે બહેનો મા રાજપૂત માહી અજીતસિંહ હિંમતનગર કોલેજ નો પ્રથમ નંબર આવ્યો હતો તો વિજેતા થયેલ તમામ સ્પર્ધકોને કોલેજ ના આચાર્ય ડૉ.કે.આર. પ્રસાદ તેમજ સંચાલક ડૉ. મહેલભાઈ પી.પટેલ પ્રાંતિજ કોલેજ દ્વારા અભિનંદન પાઠવ્યા હતા.



કમલમ્ ન્યુઝ,

વાસદ સ્થિત સાંસદ કાર્યાલય ખાતે ગત વિધાનસભા ચૂંટણીમાં આંકલાવ વિધાનસભાના ઉમેદવાર ગુલાબસિંહ પઢિયારના સમર્થનમાં કરેલ નિષ્ઠાવાન કામગીરીના ભાગરૂપે આભારદર્શન સમારોહ યોજાયો આ સમારોહમાં સાંસદશ્રી મિતેષભાઈ પટેલ, આંકલાવ વિધાનસભાના ઉમેદવાર શ્રી ગુલાબસિંહ પઢિયાર, આંકલાવ તાલુકા સંગઠન પ્રમુખ નિરુભા રણા, જિલ્લા પંચાયતના ઉપપ્રમુખ શ્રી સંજયભાઈ પટેલ, જિલ્લા પંચાયત સભ્ય શ્રી ટીનાભાઈ, આંકલાવ શહેર પ્રમુખ શ્રી પંકજભાઈ પટેલ, મહામંત્રી વિશાલભાઈ પટેલ, મહામંત્રી શ્રી અલ્પેશભાઈ પટેલ, આંકલાવ વિધાનસભા ઈન્ચાર્જ ભાવેશભાઈ પટેલ, આગેવાન શંભુભાઈ પટેલ, જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતના સદસ્યશ્રીઓ સહિત મોટી સંખ્યમાં કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા

રાજકોટમાં અમદાવાદના શખ્સે ઓટો બ્રોકર 1.90 લાખની ઠગાઇ કરી

કમલમ્ ન્યુઝ,રાજકોટ

રાજકોટમાં કાર લે-વેચનો ધંધો કરતાં યુવકનો ફોન પર સંપર્ક કરી અમદાવાદના શખ્સે એક કારનો સોદો કરી બારોબાર કાર બતાવી કાર નહીં આપી રૂ.૧.૯૦ લાખની છેતરપિંડી આચરી હતી. શહેરના રામેશ્વર ચોકમાં રહેતા અને વિજય પ્લોટમાં મિલન મોટર્સ નામે કાર લે-વેચનો વેપાર કરતાં ડેનિલ મિલનભાઈ કોટેચાએ નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે અમદાવાદના કાર લે-વેચનું કામ કરતા પીયૂષ પટેલનું નામ આપ્યું હતું. ડેનિલે ફરિયાદમાં જણાવ્યુંહતુ કે, તા.૧૭ નવેમ્બરના

તેના મોબાઇલ પર અમદાવાદના પીયૂષ પટેલનો ફોન આવ્યો હતો પીયૂષે જૂની કાર લે-વેચનું કામ કરતો હોવાનું કહી એક આઈ-૨૦ કાર વેચવાની છે તેમ કહી તે કારના ફોટા ડેનિલને મોકલ્યા હતા, જે જોઈને ડેનિલે અમદાવાદમાં સરદાર પટેલ સ્ટેડિયમ પાસે ઈશાન મોટર્સ નામે કાર લે-વેચનું કામ કરતાં તેના મિત્ર હરિશભાઈને કાર બતાવી આવવાનું કહ્યું હતું. પીયૂષ પટેલે પોતે બહારગામ હોય કારમાલિકને કાર સાથે મોકલું છું તેવી વાત કરી હરિશભાઈ પાસે કાર લઈને કારમાલિક ત્યાં પહોંચ્યા હતા, હરિશભાઈએ કાર જોઈને કારના કાગળ સહિતના તમામ દસ્તાવેજો બરાબર હોવાની વાત ફોનથી ડેનિલ સાથે કરી હતી, અને ડેનિલે પીયૂષ પટેલ સાથે કારનો રૂ.૨.૧૦ લાખમાં સોદો નક્કી કર્યો હતો.

પીયૂષે રૂ.૨૦ હજાર કારમાલિકના બેંક એકાઉન્ટમાં ટ્રાન્સફર કરવા તેમજ બાકીના રૂ.૧.૯૦ લાખનું આંગડિયું કરવાનું કહેતા ડેનિલે રૂ.૨૦ હજાર બેંક એકાઉન્ટમાં જમા કરાવી દીધા હતા અને પીયૂષ પટેલને રૂ.૧.૯૦ લાખનું હિંમતનગર આંગડિયું કરી દીધું હતું. તમામ રકમ ચૂકવાઇ ગયાની કલાક પછી પણ પીયૂષ પટેલે બાકીના રૂ.૧.૯૦ લાખ કારમાલિકને નહીં આપતા પીયૂષ પટેલ છેતરપિંડીકરી રહ્યાનું લાગતા કારમાલિકે રૂ.૨૦ હજાર પરત આપી કાર લઈને જતા રહ્યા હતા જ્યારે પીયૂષ પટેલે કાર અને રૂ.૧.૯૦ લાખ બાબતે ગોળગોળ વાતો કરી હતી. પોલીસે બનાવની તપાસ હાથ ધરી છે.

માણસા તાલુકાના આજોલના અગ્રણીએ ધાબળાનું વિતરણ કરી જન્મદિવસની ઉજવણી કરી.

કમલમ્ ન્યુઝ,

માણસાના આજોલ ગામના વતની મહાકાલ સેના ગુજરાત સંસ્થાપક અને ભાજપ યુવા નેતા કિરપાલસિંહ ચાવડાએ સેવાકીય કાર્યમાં હંમેશા અગ્રેસર હોય છે ત્યારે પોતાના જન્મદિવસ નિમિત્તે માણસા અને આજોલ ખાતે જરૂરિયાત મંદ પરિવારોને ધાબડા નું વિતરણ કરી પોતાના જન્મદિવસની ઉજવ્યો હતો.

સુરતના કાપોદ્રામાં ચોર ગેસની બોટલો ચોરી કરતો

સીસીટીવી સામે આવ્યા

૨૫ બોટલ જપ્ત

કમલમ્ ન્યુઝ,સુરત,

સુરતના કપોદ્રા વિસ્તારમાં ગેસના બોટલો ચોરી થવાની અનેક ફરિયાદો કાપોદ્રા પોલીસને મળી હતી. ગેસની બોટલની ચોરી કરવાની ઘટના સીસીટીવી પણ કાપોદ્રા પોલીસને હાથ આવ્યા હતા. ત્યારે આ મામલે કાપોદ્રા પોલીસે તપાસ કરી એક આરોપીને ઝડપી પાડ્યો હતો. પોલીસે તેની પાસેથી ચોરી કરેલા નાના મોટા ૨૫ ગેસની બોટલો અને એક બાઈક મળી કુલ ૮૮હજારની મત્તા કબજે કરી હતી. સુરતના કપોદ્રા વિસ્તારમાં બંધ ઘરમાંથી ગેસના બોટલો ચોરીથવાની ઘટનાઓ સામે આવી હતી. આવી અનેક ફરિયાદો કાપોદ્રા પોલીસને મળી હતી. જેથી કાપોદ્રા પોલીસે આ મામલે તપાસ કરી હતી. કાપોદ્રા પોલીસની તપાસમાં એક ઈસમ સીસીટીવીમાં જોવા મળ્યો હતો. આ મામલે કાપોદ્રા પોલીસે તપાસ કરી રચના સર્કલ પાસેથી કતારગામ ખાતે રહેતા રમેશભાઈઉકાભાઈ પરમાર નામના ઈસમને ઝડપી પાડ્યો હતો. પોલીસે પકડેલ ગેસ સિલિન્ડર ચોરની કડક પૂછપરછ કરતા તેણે કબુલાત કરી હતી કે કાપોદ્રા અને ચોકબજાર વિસ્તારમાંથી નાના મોટા ગેસના ૨૫બોટલો ચોરી કર્યા હતા. જે પોલીસે કબજે કર્યા છે, પોલીસ તપાસમાં કાપોદ્રા પોલીસ મથકમાં નોંધાયેલા ગુનાનો ભેદ ઉકેલાઈ જવા પામ્યો હતો. આ ઉપરાંત પોલીસે જણાવ્યું હતું કે આરોપી દિવસ તથા રાત્રીના સમયે સોસાયટીની અંદર પ્રવેશ કરી બંધ મકાનનું તાળું ખોલી ગેસના બાટલાઓ ચોરીકરી ફરાર થઈ જતો હતો. સુરતના કાપોદ્રા વિસ્તારમાંથી જે રીતે ગેસ સિલિન્ડરની ચોરી થતી હોવાની ફરિયાદ એક પછી એક સામે આવતા પોલીસ પણ આ મામલે ગંભીર બનીતપાસ શરૂ કરી હતી. દરમિયાન જે જગ્યાએથી ફરિયાદ મળી હતી ત્યાં સીસીટીવી તપાસ કરતા ગેસની બોટલ ચોરી કરીને જતો ઈસમ સીસીટીવીમાં કેદ થયો હતો. પરંતુ બે ત્રણ જગ્યાના સીસીટીવીમાં એક જ ઈસમ ગેસની બોટલ ચોરીકરીને લઈ જતો હોવાનું દેખાઈ આવ્યું હતું. ગેસ સિલિન્ડર ચોરી કરનારના સીસીટીવી સામે આવ્યા છે. ત્યારે આ સીસીટીવીને આધારે પોલીસ આરોપીના પગેરું સુધી પહોંચી શકી હતી. એસીપી વીઆર પટેલજણાવ્યું હતુંકે કાપોદ્રા વિસ્તારમાં દિવસ તથા રાત્રી દરમ્યાનબંધ ઘરનીઅંદર ડુપ્લીકેટ ચાવીથી તાળું ખોલી ઘરની અંદર પ્રવેશ કરી ગેસની બોટલો ચોરી થવાની ઘટના સામે આવી હતી. આ મામલે કાપોદ્રા પોલીસે તપાસ કરી આરોપીને ઝડપી પાડ્યો છે. આરોપીએ ચોકબજાર અને કાપોદ્રા વિસ્તારમાંગેસની બોટલોચોરી કરી હોવાની કબુલાત કરી હતી. આ મામલે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

વલસાડના વાંકલમાં કંપનીનું બાંધકામ અટકાવવા ટોળાએ પથ્થરમારો કર્યો

કમલમ્ ન્યુઝ,વલસાડ

વલસાડના વાંકાલ ખાતે ખાનગી કંપનીનું બાંધકામ ચાલી રહ્યું છે. ત્યારે સ્થાનિક લોકો કંપની સામે વિરોધ નોંધાવી રહ્યા છે. કંપનીમાં બાંધકામ ચાલી રહ્યું હતુ એ દરમ્યાન ૮ડિસેમ્બરની રાત્રીએ સ્થાનિક લોકોના ટોળાએ પથ્થર મારો કરીને વિરોધ નોંધાવ્યો હતો. ઉશ્કેરાયેલા ૫ ઈસમો લોખંડનો સળિયો તથા લાકડીઓ લઈને આવી પહોંચયા હતા. તેઓએ કંપનીમાં ફરજ બજાવતા સિક્યુરિટીમાં ગાર્ડને મારમારી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. જેથી અન્ય વોચમેન અને કંપનીના મેનેજરે ૧૦૮ની ટીમની મદદ લઈને ધરમપુર સ્ટેટ હોસ્પિટલમાં સારવાર માટે ખસેડયા હતા. જે બાદ પોલીસ ફરિયાદ નોંધવામાં આવી છે. વાંકાલ ખાતે ખાનગી કંપનીનું બાંધકામ ચાલી રહ્યું છે. સ્થાનિક લોકોએ કંપની વિરુદ્ધ પંચાયતમાં વિરોધ નોંધાવ્યો હતો તેમ છતા કંપની સંચાલકોએ કંપનીનું બાંધકામ કરી રહ્યા હતા. સ્થાનિક લોકોએ વારંવાર કંપની વિરુદ્ધ સુર બોલાવી રહ્યા હતા. જે દરમિયાન ૮ ડિસેમ્બરની રાત્રીએ સ્થાનિક લોકોએ કંપનીમાં પહોંચી પથ્થર મારો કર્યો હતો. જેથી ફરજ ઉપર રહેલા વોચમેને બુમો મારી હતી. થોડી વાર બાદ ફરી પથ્થર મારો કરીને ૨૫થી વધુ લોકો કંપનીની કમ્પાઉન્ડ વોલ કૂદીને કંપનીમાં ગેરકાયદેસર રીતે આવી ગયા હતા.

વોચમેન તરીકે ફરજ બજાવતા બ્રિજમોહન સીતારામ કોરી તથા અન્ય વોચમેનને સ્થાનિક મહેશ પટેલ, ધર્મેશપટેલ, શંભુ ઉર્ફે સુરેશ પટેલ, નટુ પટેલ લોખંડના સળિયા તથા લાકડીઓ લઈને આવી પહોંચ્યા હતા અને વોચેનને ઢોર માર મારવા લાગ્યા હતા. ઘટનાની જાણ કંપનીના અન્ય વોચમેન અને મેનેજરને થતા તેઓ ઘટના સ્થળે દોડી આવ્યા હતા. જેને લઈને કેટલાક લોકો કમ્પાઉન્ડ વોલ કૂદીને ભાગી ગયા હતા. વોચમેનને માર મારી રહેલા લોકોએ કંપનીનો વિરોધ ચાલી રહ્યો હોવા છત્તા તમે કેમ નોકરી કરો છો જણાવી માર મારતા હતા. સાથે આગામી દિવસોમાં કંપનીમાં કામ કરતા જોવા મળશો તો જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. મેનેજરે ૧૦૮નીટીમી મદદ લઈને ઈજાગ્રસ્ત વોચમેનને સારવાર માટે ધરમપુરની સ્ટેટ હોસ્પિટલમાં સારવાર માટે ખસેડયા હતા. હોસ્પિટલના બિછાનેથી આજરોજ બ્રિજમોહન સીતારામ કોરીએ ફરિયાદ નોંધાવી હતી. પોલીસે ફરિયાદ નોંધી આગળની તપાસ હાથ ધરી હતી.

પ્રકૃતિની અજોડ ભેંટ સમાન પર્વત ના દ્રશ્ય માત્ર ઉર્જા આપે છે

કમલમ્ ન્યુઝ,જામનગર
ભરત ભોગાયતા

કુદરતનીદરેક રચનાઅનન્ય હોયછે તે સ્થાવર રચના હોય જંગમ હોય કે જીવિત હોય......જંગલો...નદીઓ...સાગર....દરેક વિધ વિધ જીવસૃષ્ટી. ખડકો.. પહાડો.. .વરસાદ... તાપ...ઠંડક સહિતની આબોહવા...તો પૃટ્વીનુ પેટાળ ....અનંત આકાશ આ ભવ્ય ટમટમતા તારા સુર્ય ચંદ્ર એવુ તો અઢળક જેનો એક જીવનમા અભ્યાસ તો ઠીક પુરેપુરા માણવાનો સમય ઘટી શકે છે તેમ પ્રકૃતિપ્રેમીઓ કહેતાહોય છે ત્યારે પ્રકૃતિની અજોડ ભેંટ સમાન પર્વત ના દ્રશ્ય માત્ર ઉર્જા આપે છે તે સ્વીકારવુ પડે છે તેમાય પહાડોનો પીરામીડ કે ત્રીકોણ આકાર એ ચોતરફ એવા તરંગો ફેલાવેછે તે કુદરતનુ રહસ્ય અને વિજ્ઞાન મુજબ તે આકાર નુ ગણિત છે સાધનાના કેન્દ્ર ગુફાઓનુ પણ ક્યારેક શબ્દ દર્શન કરીશુ એવુ કહેવાય છે કેઝરણુ વહેતુ પર્વત ઉપરથી ઉતરતુ ન જોયુ હોય તો શુ જોયુ?? તેમ પણ ઘણા પ્રકૃતિપ્રેમીનો અભિપ્રાય છે બીજી તરફખનીજ-દુર્લભ વનસ્પતિ-ઔષધી-રસાયણ-ફળફળાદીઅન્ન-ગ્રીશ્રમતા સાથે ઠંડક સહિત અનેક નો સંગ્રહ પોતાની બાહોમા કરી રાખી અવિરત પર્વતો ઉભા હોય છે તો અનેક જીવસૃષ્ટીનુ રહેઠાણ છે તેવા આ પર્વતો સાદ પાડતા હોય છે પૃથ્વીનો ખજાનો જવાળામુખી રૂપે નીકળેઅને વરસોબાદ ડુંગર સ્વરૂપે સ્થાયી થાય ત્યારે તે ઈતિહાસને પણ સંઘરે છે તેમ પણ એક અભિપ્રાય છે આવર્ષે આંતરરાષ્ટ્રીય પર્વત દિવસની થીમ હશે "વુમન મુવ માઉન્ટન". છે તે ખુબ મહત્વનુ બની રહેશે ત્યારે આ પ્રકૃતિ વ્હાલને લગતઆલેખન કરતારાજકોટ માહિતી કચેરીના માહિતી મદદનીશ ભાવિકા લીંબાસીયા એ મનનીય આલેખન કરતા જણાવ્યુ છે કેપર્વતોના સંરક્ષણ અને તેમની સમૃદ્ધ જૈવવિવિધતા વિશે જાગૃતિ લાવવાના ઉદ્દેશ્ય સાથે સમગ્ર વિશ્વમાં દર વર્ષે ૧૧ ડિસેમ્બર ના રોજ "આંતરરાષ્ટ્રીય પર્વત દિવસ"ની ઉજવણી કરવામાં આવે છે. પર્વતીય વિસ્તારોમાં રહેતા લોકો તથા પર્વતારોહકોમાં આંતરરાષ્ટ્રીય પર્વત દિવસની ઉજવણી માટે અનેરો ઉત્સાહ જોવા મળે છે. આંતરરાષ્ટ્રીય પર્વત દિવસ ઉજવવાનો પ્રસ્તાવ ૧૯૯૨માં બનાવવામાં આવ્યો હતો, જેને એજન્ડા ૧૩ ના પ્રકરણ ૨૧ "મેનેજિંગ ઈકોસિસ્ટમ્સઃ સસ્ટેનેબલ માઉન્ટેન ડેવલપમેન્ટ" પર્યાવરણ અને વિકાસ પર સંયુક્ત રાષ્ટ્ર પરિષદમાં અપનાવવામાં આવ્યું હતુ. પર્વતોના મહત્વ તરફ વધતા ધ્યાનને કારણે યુનાઈટેડ નેશન્સ જનરલ એસેમ્બલીએ ૨૦૦૨ને યુનાઈટેડનેશન્સ વિશ્વ પર્વત વર્ષ તરીકે જાહેર કર્યું અને ૧૧ ડિસેમ્બર ૨૦૦૩ થી આંતરરાષ્ટ્રીય પર્વત દિવસ ઉજવવાનું નક્કી કર્યું. ત્યારબાદ આંતરરાષ્ટ્રીય પર્વત દિવસ સૌપ્રથમ ૧૧ ડીસેમ્બર,૨૦૦૩ ના રોજ ઉજવવામાં આવ્યો હતો અને ત્યારથી દર વર્ષે સમગ્ર વિશ્વમાં ઉજવવામાં આવે છે. આ વર્ષે આંતરરાષ્ટ્રીય પર્વત દિવસની થીમ હશે "વુમન મુવ માઉન્ટન". જે લિંગ સમાનતાને પ્રોત્સાહન આપવાની અને તેથી સામાજિક ન્યાય, આજીવિકા અને સ્થિતિસ્થાપકતાને સુધારવામાં યોગદાન આપવાની તક છે.?ઉલ્લેખનીય છે કે, તાજેતરમાં જ યુ.એન એ ૨૦૨૨ ને ટકાઉ પર્વત વિકાસનું આંતરરાષ્ટ્રીય વર્ષ જાહેર કર્યું છે. પર્વતીય વિસ્તારોમાં પર્યાવરણીય સંરક્ષણ, સામાજિક અને આર્થિક વિકાસમાં મહિલાઓની મુખ્ય ભૂમિકાને પ્રકાશિત કરે છે. તે તમને વિશ્વભરના પર્વતીય લોકો અને વાતાવરણમાં સકારાત્મક પરિવર્તન લાવવા માટે જાગૃતિ લાવવા અને પગલાં ભરવામાં મદદ કરી શકે છે. પર્વતોના પર્યાવરણીય સંરક્ષણ, સામાજિકઅને આર્થિક વિકાસમાં મહિલાઓ મુખ્ય ભૂમિકા ભજવે છે. મહિલાઓ પર્વતીય સંસાધનોના પ્રાથમિક સંચાલકો, જૈવવિવિધતાના રક્ષક, પરંપરાગત જ્ઞાનના રક્ષક, સ્થાનિક સંસ્કૃતિના રક્ષકો અને પરંપરાગત દવાઓના નિષ્ણાતો હોવાથી પર્વતીય કૃષિ અને ગ્રામીણ વિકાસમાં રોકાણની તકો વધારવા માટે મહત્વનું યોગદાન આપી શકે છે. સ્ત્રીપુરુષ સમોવડી બનીને દરેકક્ષેત્રે આગળ વધી રહીછે ત્યારે પર્વતીય અર્થતંત્રોના વિકાસમાં પણ સક્રિય બની ફાળો આપી શકે છે. સમગ્ર વિશ્વની ૧૫% વસ્તીનું ઘર પર્વતો છે. વિશ્વની લગભગ અડધા ભાગની જૈવવિવિધતા પર્વતોમાં સમાવિષ્ટ છે. પર્વતો રોજિંદા જીવન માટે તાજું પાણી પૂરું પાડે છે. તેમનું સંરક્ષણ ટકાઉ વિકાસ માટેનું મુખ્ય પરિબળ છે. પરંતુપર્વતો આબોહવા પરિવર્તન અને અતિશય શોષણથી જોખમમાં છે. જેમ જેમ વૈશ્વિક આબોહવા સતત ગરમ થઈ રહીછે, પર્વતીય વિસ્તારમાંરહેતા લોકોએ ટકી રહેવા માટે વધુ સંઘર્ષનો સામનો કરવો પડે છે. વધતા જતાં તાપમાનને કારણે પર્વતીય હિમનદીઓ અભૂતપૂર્વરીતે પીગળીરહીછે, જે લાખો લોકો માટે તાજા પાણીના પુરવઠાને અસર કરી રહી છે. આ સમસ્યા આપણને બધાને અસર કરે છે. આપણે કાર્બનનું પ્રમાણ ઘટે તે માટે ફળદાયી પગલાં લેવા જોઈએ અને આ કુદરતી ખજાનાની કાળજી લેવી જોઈએ. આંતરરાષ્ટ્રીય પર્વત દિવસ ઉજવવાનું મહત્વ લોકોને પહાડો અને લેન્ડસ્કેપ્સ વિશે જાગૃત કરવાનો છે. આબોહવા અને ભૂમિ સ્વરૂપના ફેરફારોને કારણે પર્વતોની ભૌગોલિક સ્થિતિ ધીમે ધીમે બદલાઈ રહી છે. પર્વતો કપાઈ રહ્યા છે અને જંગલોનો નાશ થઈ રહ્યો છે. આમ કરવાથી આપણી ભાવિ પેઢી માટે જીવન ખૂબ જ મુશ્કેલ બની શકે છે. આવી સ્થિતિમાં લોકો માટે જરૂરી છે કે તેઓ પર્વતો પ્રત્યેની તેમની જવાબદારીઓ સમજાવવા માટે સંગઠિત થાય. લોકોને જાગૃતકરવા માટે સમગ્ર વિશ્વજુદા જુદા પ્રયાસો કરી રહ્યું છે ત્યારે ભારતમાં તો આદિકાળથી પર્વતોનું મહત્ત્વને સમજીને પર્વતો સાથે આધ્યાત્મિક મહત્વ જોડીને તેનું સંરક્ષણ થઈ રહ્યું છે.ભારતમાં આવેલા દરેક મહત્વના પર્વત જેવા કે કૈલાશ, ગુજરાતમાં ગિરનાર, ચોટીલા, પાવાગઢ, અંબાજી, શેત્રુંજય, ઓસમ સહિતના નાના મોટા પર્વતો સાથે ધાર્મિક મહત્વ જોડીને પર્વતોના સંરક્ષણ માટે સંનિષ્ઠ પ્રયાસો હાથ ધરવામાં આવી રહ્યા છે. લોકો જાગૃત થાય તે માટે ગુજરાતમાં આવેલા આ પર્વતો ઉપર જુદી જુદી સામાજિક સંસ્થાઓ દ્વારા આરોહણ-અવરોહણ સ્પર્ધાઓનું પણ આયોજન કરવામાં આવે છે. બાળકો એ ભાવિ પેઢી છે, તેમના ભવિષ્ય વિશે તેઓ વિચારતા થાય, પ્રકૃતિ પ્રેમી બને તે માટે ટ્રેકિંગ કેમ્પ પણ યોજવામાં આવે છે. પર્વતોએ કુદરતી ઝવેરાતનો ખજાનો છે તેનું સંરક્ષણ કરવું એ આપણી નૈતિક ફરજ અને જવાબદારી છે.

હાલારના લોકપ્રિય મહિલા નેતા અને સાંસદ પૂનમ માડમ ની સરાહનીય અથાગ જહેમત

સાતેય વિધાનસભા બેઠક ઉપર માઇક્રોપ્લાનીંગથી જનસંપર્ક અને અવિરત પ્રવાસ

કમલમ્ ન્યુઝ,જામનગર
ભરત ભોગાયતા

દ્વારકા(બેટ)થી દિલ્હી સુધી નૈતિક ફરજ રાજકીય ફરજ સામાજીક જવાબદારીઓમા જેઓ અજોડ રહ્યા છે તેવા પૂનમબેન માડમનીસુઝબુઝઅને જાહેરજીવન ની નિતિ રીતી અભ્યાસપુર્ણ સમીક્ષાનો વિષય છે ઉચ્ચ શિક્ષણ સુસંકૃત વારસો અને બારીકાઈથી દરેક પાસાઓનુ ચિંતન કરવાના ગુણ સાથેના એક મહિલા નેતા હંમેશા લોકપ્રિય જ હોય તેવો અભિપ્રાય જનજન નોજાણવા મળે છે હંમેશા લોકોની વચ્ચે રહેવુ તે શક્ય નથીહોતુ ત્યારે એક દાયકાથી જામનગર અને દ્વારકા જિલ્લાઓની જનતા માટે કાર્યરત (રાજકીય પ્લેટફોર્મ થી.આમ તો તે પહેલાથી સ્વ. એચ.આર.માડમ મેમોરીયલ ટ્રસ્ટના નેજા હેઠળ પ્રમુખ તરીકે તેઓએ સેવાની સરવાણી સતત રાખીજ છે) રહેલાપૂનમબેન માડમ ની વિધાનસભા ચુંટણીમા મહેનત રંગ લાવી છે તેમ સમીક્ષકોનુ તારણ છે માટે જ જનતા પણ કહે છે કે હાલારના લોકપ્રિય મહિલા નેતા અને સાંસદ પૂનમબેન માડમ ની જહેમત સરાહનીયછે અને અથાગ છે કેમકે જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લાઓની તમામ વિધાનસભા બેઠક ઉપર માઈક્રોપ્લાનીંગથી જનસંપર્ક અને અવિરતપ્રવાસ તેમણે ચુંટણી સંદર્ભ મા કર્યા છે જેના પરીણામે બંને જિલ્લામા ભાજપ ની બેઠકો ગત વિધાનસભા ચુંટણી કરતા વધી છે તેઓનો પરીશ્રમ આ શ્રેષ્ઠ પરીણામો લાવ્યો છે છતાય પૂનમબેન એ આ જીતનો શ્ર્રેય ભાજપના જામનગર શહેર જામનગર જીલ્લા દેવભૂમિ દ્વારકા જિલ્લા સંગઠનના સૌ આગેવાનો હોદેદારો પદાધીકારીઓ સમર્થકો માર્ગદર્શકો અને મહત્વપુર્ણ રીતે કર્મશીલ કાર્યકર્તાઓ અને બંને જિલ્લાની જનતાને આપ્યો છે ....આ જ સફળ વ્યક્તિની મોટાઈ હોય છે વિનમ્રતા હોય છે કે સફળતાનો શ્ર્રેય વહેંચતા હોય છે ગુજરાત વિધાનસભા ચુંટણી જાહેર થયાપહેલાથી જ સંસદસભ્ય તરીકે સતત બીજી વખત ચુંટાયેલા પૂનમબેન લોકઉપયોગી કાર્યો માટે ગુજરાત સરકારમા સફળ રજુઆત કરતા આવ્યા છે તે જનતા જાણે છે તેવી જ રીતે રેલવે પોસ્ટ ટેક્સ જેવા કેન્દ્રસરકારના વિભાગોના લોકોના અનેક પ્રશ્નો તેમને ઉકેલ્યા હોઈ વિધાનસભા ચુંટણીમા તેઓ જ્યા પ્રચારમાજાય ત્યાદરેક જગ્યાએથી ઉમળકાભેર આવકાર મળતો હતો અને શહેરી તેમજ ગ્રામ્ય બંને વિસ્તારમા લોકચાહના મેળવનાર પૂનમબેન ને લોકો ખાત્રી આપતા હતા કે અમે કમળ સોળેય કળાએ ખીલવશુસમગ્રપણેબંનેજિલ્લાઓનો વ્યાપ અને વિસ્તાર એ મોટાભાગે આવરી લેવાનુ કપરૂ કામ પુર્ણ કરી લોકપ્રિય સાંસદ પૂનમબેનએ ભાજપનાભવ્યવિજયમાટેપ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીનુ ગુજરાત અને દેશમાટેનુ પ્રદાન ઐતિહાસીક ગણાવી ભવ્ય ગુજરાતથી ભવ્ય ભારતના સર્જન માટે પક્ષને પ્રબળ સમર્થન આપવા સૌને નમ્ર અનુરોધ કરતા રહ્યા હતા તેનુ પરીણામ આ જ હાલારના બંને જિલ્લાઓમા સૌની સમક્ષ છે પ્રધાનમંત્રી ની ડાયનેમીક પર્સનાલીટી દેશને નિત્ય નવા સુર્યોદય દિશા આપી રહી છે તેમ જણાવીસાંસદ પૂનમબેન ઉમેરે છે કે કેન્દ્રીય ગૃહમંત્રી અમીતભાઈ શાહ હંમેશા ઉત્સાહ પુરો પાડે છે તો રાષ્ટ્રીય બીજેપી અધ્યક્ષ જે.પી.નડ્ડાસંગઠનાત્મક માર્ગદર્શન પુરૂ પાડયા રહ્યા છે જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ કર્મઠતા નો મુકસંદેશ આપે છેઅનેપ્રદેશપ્રમુખ સી.આર.પાટીલ હંમેશા જોમ અને જુસ્સો પુરો પાડે છે આમ શીર્ષસ્થ નેતૃત્વ સૌ માટે પ્રેરક હોવાનુ સાંસદ પૂનમબેન માડમ એ ઉમેર્યુ હતુ

અવોર્ડ ઓફ હોનર થી ડૉ ગુલાબ ચંદ પટેલ સ્ટેપ અપ સ્પોર્ટ્સ ફેસ્ટિવલ માં ન્યુ લાઈફ ઈન્ટરનેશનલ સ્કૂલ ખાતે થયા સન્માનિત

કમલમ્ ન્યુઝ,

ન્યુ લાઈફ ઓફ ઈન્ટરનેશનલ સ્કૂલ ગાંધીનગર ખાતે સ્ટેપ અપ સ્પોર્ટ્સ ફેસ્ટિવલ - ૨૦૨૨ નું આયોજન ગાંધીનગર ટ્રીહર્ઝ એસોસિએશન એન્ડ મિલાપ ટાટરિયા દ્વારા સવારે આઠ વાગ્યે કરવામાં આવ્યું હતું આ કાર્યક્રમ માં મહાત્મા ગાંધી સાહિત્ય મંચ ગાંધીનગર ના પ્રમુખ, હિન્દી ગુજરાતી કવિ લેખક અને સામાજિક કાર્યકર ડૉ ગુલાબ ચંદ પટેલ નું પુષ્પ ગુચ્છ અને અવોર્ડ ઓફ હોનર થી મિલાપ ટાટરિયા અને સ્કૂલ ના પ્રિન્સિપાલ દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું તથા પ્રિન્સિપાલ પ્રતીક્ષા શાહ નું પણ ટ્રોફી આપી હતી સન્માન કરવામાં આવ્યું હતું.આ કાર્યક્રમ માં લીંબુ ચમચી, લોટ ફૂંક, અને કોથળા દોડ માં સ્પર્ધા માં પ્રથમ દ્વિતિય અને ત્રીજા ક્રમે આવેલ વિદ્યાર્થીઓને સન્માન પત્ર અને ટ્રોફી આપી ડૉ ગુલાબ ચંદ પટેલ અને પ્રિન્સિપાલ પ્રતીક્ષા શાહ ના હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું.

ભારતનું સૌથી આધુનિક અને વિશ્વસ્તરીય કલ્ચરલ સેન્ટર ભવ્ય પ્રારંભ માટે તૈયાર!

કમલમ્ ન્યુઝ,મુંબઈ

પર્ફોર્મિંગ અને વિઝ્યુએલ આર્ટ્સ માટેનું ભારતનું સૌથી આધુનિક, આઈકોનિક અને વિશ્વસ્તરીય કલ્ચરલ સેન્ટર હવે તેના ભવ્ય પ્રારંભ માટે તૈયાર છે ત્યારે રિલાયન્સ ફાઉન્ડેશનના ચેરપર્સન નીતા અંબાણીએ તેમના નામ સાથેનું મુંબઈના કેન્દ્રમાં આવેલા આ અનોખા લેન્ડમાર્ક વિશેનું તેમનું વિઝન રજૂ કર્યું હતું. નીતામુકેશ અંબાણી કલ્ચરલ સેન્ટર (NMACC) મુંબઈમાં બાન્દ્રા-કુર્લા કોમ્પ્લેક્ષમાં આવેલા જિયો વર્લ્ડ સેન્ટરમાં આવેલું છે અને વિશ્વ સમક્ષ ભારતની શ્રેષ્ઠતમ કળા અને સંસ્કૃતિને પ્રદર્શિત કરવાનું અને વિશ્વને ભારતમાં લાવવાનું સૌથી પસંદગીનાં સ્થળ તરીકે ઉભરી આવશે. નીતા અંબાણીએ તેને પરફોર્મર અને વિઝિટર માટે સાચે જ ઈક્સ્ક્લુઝિવ સેન્ટર કહ્યું હતું, જે વિશ્વસ્તરીય ઈન્ફ્રાસ્ટ્રક્ચર સાથે દરેક માટે કળાને સુલભ બનાવવાનો ઉદ્દેશ્ય ધરાવે છે. મને આશા છે કે અમારું સ્થળ સમગ્ર ભારત અને વિશ્વમાંથી લોકોને સાથે લાવીને ટેલેન્ટની માવજત કરશે અને પ્રોત્સાહિત કરશે. NMACC અમેરિકા કે યુરોપમાં હોય તેનાથી પણ વધારે સારું આંતરર્રાષ્ટ્રીય ડેસ્ટીનેશન ભારતમાં સ્થાનિક આર્ટ, આર્ટીસ્ટ, પરફોર્મર અને ક્રિએટર માટે તૈયાર કરવાનું નીતા અંબાણીનો ડ્રીમ પ્રોજેક્ટ છે. ઈશા અંબાણીએ તેમની માતાના સંસ્કૃતિ પ્રત્યેના પ્રેમના માનમાં ઓક્ટોબર ૨૦૨૨માં NMACCના પ્રારંભની જાહેરાત કરી હતી. ચાર માળના NMACC માં ૧૬૦૦૦ ચોરસ ફૂટના એક્ઝિબિશન સ્પેસ અને ત્રણ થિયેટરનો સમાવેશ થાય છે. જેમાં સૌથી મોટા ૨૦૦૦ સીટના ગ્રાન્ડ થિયેટરમાં અદ્ભૂત અને અનોખા કમળની થીમ ધરાવતા ૮,૪૦૦ સ્વારોવસ્કી ક્રિસ્ટલ સાથેના ઝુમ્મરનો સમાવેશ થાય છે. પર્ફોર્મિંગ આર્ટ્સ માટે સમર્પિત જગ્યાઓની ત્રિપુટીમાં ધ ગ્રાન્ડ થિયેટર, ધ સ્ટુડિયો થિયેટર અને ધ ક્યુબનો સમાવેશ થાય છે અને તે તમામ અનુભવોની વિશાળ શ્રેણીને પૂર્ણ કરવા માટે અત્યાધુનિક ટેકનોલોજી સાથે તૈયાર કરવામાં આવ્યા છે, તેમાં ઈન્ટિમેટ સ્ક્રીનીંગ અને સ્ટિમ્યુલેટિંગ કોન્વર્સેશનથી માંડીને મલ્ટીલિંગ્વલ પ્રોગ્રામિંગ અને ઈન્ટરનેશનલ પ્રોડક્શન્સનો સમાવેશ થાય છે. આ કેન્દ્ર ચાર માળ ધરાવતા આર્ટ હાઉસને પણ લોન્ચ કરશે અને તે અગ્રણી ભારતીય અને આંતરરાષ્ટ્રીય કલાકારોને આકર્ષિત કરશે. ૩૧મી માર્ચ ૨૦૨૩ના રોજ, NMACC માં ત્રણ દિવસના અદભૂત પ્રોગ્રામ સાથે લોન્ચ થશે. કયાં દિવસે કયો કાર્યક્રમનું આયોજન થશે તે પણ જાણી લો... સૌપ્રથમ કાર્યક્રમ શુક્રવાર, ૩૧ માર્ચ ૨૦૨૩ના રોજ યોજાશે જેમાં સિવિલાઈઝેશન ટુ નેશનઃ ધજર્નીઓફઅવર નેશનઃ ૨,૦૦૦ સીટર ગ્રાન્ડ થિયેટરમાં પ્રશંસનીય ભારતીય નાટ્યકાર અને દિગ્દર્શક ફિરોઝ અબ્બાસ ખાન પર્ફોર્મિંગ આર્ટ્સ માટેના પ્રાચીન સંસ્કૃત ગ્રંથ શાસ્ત્રીય નાટ્ય શાસ્ત્રના સિદ્ધાંતો દ્વારા જણાવવામાં આવેલા ભારતીય સંસ્કૃતિની સંવેદનાત્મક કથાને એકસાથે રજૂ કરશે. આ નાટકીય પ્રદર્શનમાં ૭૦૦થી વધુ કળાકારો ભાગ લેશે અને નૃત્ય, સંગીત તથા કઠપૂતળી જેવા કળા સ્વરૂપો દર્શાવે છે. દ્વિતીય કાર્યક્રમ શનિવાર, ૧ એપ્રિલ ૨૦૨૩ના રોજ યોજાશે જેમાં ફેશનમાં ભારતઃ ફેશનેબલ ઈમેજિનેશન પર ભારતીય પરિધાન અને વસ્ત્રની અસરઃ ધ વર્લ્ડ ઓફ ઈન્ટિરિયર્સના એડિટર-ઈન-ચીફ અને વોગ યુએસના ઈન્ટરનેશનલ એડિટર-એટ-લાર્જ તથા પ્રખ્યાત લેખક અને કોસ્ચ્યુમ નિષ્ણાત હેમિશ બાઉલ્સ દ્વારા સુશોભિત આ પ્રદર્શન ૧૮મી-૨૧મી સદીમાં ફેલાયેલી વૈશ્વિક ફેશન પર વસ્ત્ર, ઝવેરાત અને સપાટીના સુશોભનમાં ભારતની વ્યંગાત્મક પરંપરાઓની વ્યાપક અસર અને પ્રભાવની નિશાનીઓ રજૂ કરાશે. આ પ્રદર્શનની સાથે ભારતના વ્યાપક ઈતિહાસ અને વિશ્વભરની ફેશન પર પ્રથમ વખત તેની અસરનું દસ્તાવેજીકરણ કરતી રિઝોલી દ્વારા પ્રકાશિત કોફી ટેબલ બૂક છે પ્રસ્તુત કરવામાં આવશે. તૃતીય કાર્યક્રમ રવિવાર, ૨ એપ્રિલ ૨૦૨૩ના રોજ યોજાશે જેમાં સંગમ કોન્ફ્લુઅન્સઃ ભારતના અગ્રણી સાંસ્કૃતિક સિદ્ધાંતવાદી રણજિત હોસ્કોટ અને મ્યુઝિયમ ઓફ કન્ટેમ્પરરી આર્ટ (MOCA), લોસ એન્જલસના ભૂતપૂર્વ ડિરેક્ટર તથા અમેરિકન ક્યુરેટર જેફરીડીચ અને તેમના નામની ગેલેરીના સ્થાપક દ્વારા ક્યુરેટ કરાયેલા સંગમ કોન્ફ્લુઅન્સનો એક ગ્રૂપ આર્ટ શો છે જે વિવિધ સાંસ્કૃતિક બદલાવને સેલિબ્રેટ કરે છે. ૧૬,૦૦૦ ચોરસ ફૂટના આર્ટ હાઉસમાં આવેગ અને પરંપરાઓ. આ પ્રદર્શન, ચાર લેવલમાં ફેલાયેલું છે, ભારતથી પ્રભાવિત ૧૧ પ્રતિષ્ઠિત અને ઉભરતા ભારતીય સમકાલીન કળાકારો અને પશ્ચિમી કલાકારોની કૃતિઓ દ્વારા ભારતની વિવિધતાને ઉજાગર કરશે.

કમલમ્ ન્યુઝ,

મેલબોર્ન ખાતે ભારતીય જનતા પાર્ટીની ઐતિહાસિક જીતની ઉજવણી કરવામાં આવી આ ઉજવણીમાં આણંદના સાંસદશ્રી મિતેષભાઈ પટેલ વર્ચ્યુઅલ રીતે જોડાઈને સહભાગી થયા.

પ્રમુખ સ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવ બની રહેશે – પવિત્ર પ્રેરણાનો આંતરરાષ્ટ્રીય મહોત્સવ

૩૦ દિવસ સુધી યોજાશે પ્રેરણાત્મક કાર્યક્રમોની હારમાળા



મહંત સ્વામી મહારાજ અને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબના હસ્તે ઉદઘાટન

કમલમ્ ન્યુઝ,સીમા ભટ્ટાચાર્ય

માત્ર અમદાવાદ કે ગુજરાત જ નહી, પરંતુ સમગ્ર ભારત અને આંતરરાષ્ટ્રીય સ્તરે એક આગવી છાપ ઊભી કરનાર પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવની તૈયારીઓ પૂર્ણ રૂપે થઈ ચૂકી છે. મહાન સંત પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજને અંજલિ આપવા માટે ભારત અને વિદેશોમાંથી ઠેર ઠેર લાખો લોકો ઊમટશે, તેની તૈયારીઓ રૂપે ૬૦૦ એકરની વિશાળ ભૂમિમાં મહોત્સવ સ્થળ પ્રમુખસ્વામી મહારાજ નગર વિકસાવવામાં આવ્યું છે. બી.એ.પી.એસ, સ્વામિનારાયણ સંસ્થા દ્વારા નિર્મિત આ મહોત્સવ સ્થળ ૨૫૦ કરતાં વધારે ખેડૂતો અને બિલ્ડરોના નિઃસ્વાર્થ સહયોગથી તેમણે આપેલી ભૂમિ પર રચવામાં આવી છે. મહોત્સવસ્થળના અનેક આકર્ષણો જીવનઘડતરની પ્રેરણા આપે છે અને લોકોને નૈતિક-આધ્યાત્મિક બાબતો જીવનમાં નવી રીતે શીખવાની અને અપનાવવાની એક તક પૂરી પાડે છે. મહોત્સવસ્થળ પ્રમુખસ્વામી મહારાજ નગરની અનેક વિશેષતાઓની કેટલીક રસપ્રદ આંકડાકીય માહિતી આ મુજબ છે:

★ મહોત્સવ સ્થળે અદભુત રંગબેરંગી ડિઝાઈન તેમજ પ્રેરક સંદેશ સાથે તૈયાર કરવામાં આવેલ પ્રમુખ જ્યોતિ ઉદ્યાન એટલે કે ગ્લો ગાર્ડન ૨૧૦૦ સ્વયંસેવકોની દિવસ-રાતની મહેનતથી અદભુત રીતે સજાવવામાં આવ્યો છે. ૧૦ એકર વિસ્તારમાં ફેલાયેલા આ ગ્લો ગાર્ડનમાં અંદરથી પ્રકાશિત થાય તેવા, સ્વયંસેવકોએ હાથે બનાવેલા વિશાળ કદનાં આઠ હજારથી વધુ ફૂલો ઝગમગી ઊઠ્યાં છે. કુલ ૨૧૦૦થી વધુ સ્વયંસેવકોએ છેલ્લાં ૬ મહિનાથી વધુ સમય મહેનત કરીને આ ગ્લો ગાર્ડન વિકસાવ્યું છે. ગ્લો ગાર્ડનમાં ૧૫૦થી વધુ વિવિધ સંદેશાઓ લઈને જાત મહેનતથી રચવામાં આવેલ વિશાળકાય પ્રાણીઓ, પક્ષીઓ વગેરે સૌની આંખોને જકડી રાખશે. ગ્લો ગાર્ડન પ્રકૃતિમાં શ્રદ્ધા, પરમાત્મામાં શ્રદ્ધા, શાસ્ત્રોમાં શ્રદ્ધા, ગુરુમાં શ્રદ્ધા, રાષ્ટ્રમાં શ્રદ્ધા અને વિશ્વમાં શ્રદ્ધા જેવા વિષયોની રચનાત્મક પ્રસ્તુતિ કરે છે. મહોત્સવ સ્થળે કુલ ૭ પ્રવેશદ્વાર છે, જે પૈકી મુખ્ય પ્રવેશદ્વાર સંતદ્વાર તરીકે સૌથી વધુ કલાત્મક પ્રવેશદ્વાર ૩૮૦ ફૂટ પહોળો પ્રવેશદ્વાર છે. અનેકવિધ કલાકૃતિઓ અને વિશિષ્ટ લાઈટિંગથી શોભતા આ પ્રવેશદ્વારના વિશાળ ગવાક્ષોમાં ભારતના મહાન સંતોની ૮ ફૂટ ઊંચી પ્રતિમાઓ દર્શન આપે છે. શ્રીમદ્ આદિ શંકરાચાર્ય શ્રીમદ્ વલ્લભાચાર્ય, શ્રીમદ્ રામાનુજાચાર્ય, તુલસીદાસજી, શ્રી નરસિંહ મહેતા, શ્રી મીરાંબાઈ તેમજ શ્રી બુદ્ધ અને શ્રી મહાવીર જેવા મહાન અવતારી પુરુષો અને સંતોની આ ૨૮ પ્રતિકૃતિઓ સૌને પવિત્ર પ્રેરણાઓ આપશે.

મહોત્સવ સ્થળના કેન્દ્રમાં ૪૦ ફૂટ પહોળી અને ૧૫ ફૂટ ઊંચી પીઠિકા પર સ્થાપવામાં આવેલ પ્રમુખસ્વામી મહારાજની સ્વર્ણિમ મૂર્તિ ૩૦ ફૂટ ઊંચી છે. આ મૂર્તિની ચારે તરફના વર્તુળમાં અહર્નિશ સેવામય પ્રમુખસ્વામી મહારાજના અદભુત પ્રેરક પ્રસંગો છે. જેમાં ચોવીસેય કલાકોની પ્રસ્તુતિ દર્શનીય છે. આ વર્તુળની રંગબેરંગી ફૂલોની શોભતી રચનાઓ પણ આહલાદક છે.

દિલ્હીના સ્વામિનારાયણ અક્ષરધામની હૂબહૂ પ્રતિકૃતિ રૂપે રચવામાં આવેલ ૬૭ ફૂટ ઊંચા મહામંદિરમાં કુલ પાંચ વિશાળકાય ઘુમ્મટો નીચે સનાતન ધર્મના દિવ્ય દેવસ્વરૂપો દર્શન આપે છે. ભગવાન શ્રી સ્વામિનારાયણ – શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજ, ભગવાન શ્રી રાધા- કૃષ્ણ, ભગવાન શ્રી સીતા-રામ, ભગવાન શ્રી ઉમા-મહાદેવ વગેરેની અદભુત મૂર્તિઓનાં દર્શન કરીને લાખો લોકો શ્રદ્ધા દૃઢાવશે. આ ઉપરાંત આ મંદિરના મંડોવર અને સ્તંભોમાં ૪૮ ગણપતિજી, ૧૦૪ ઋષિમુનિ-સંતો-ભક્તોની કલાત્મક મૂર્તિઓ શોભે છે.

● મહોત્સવના વિશાળ લાઈટ એન્ડ સાઉન્ડ શોમાં ૧૮૦ ફૂટ પહોળા મંચ પર ૩૦૦ થી વધુ કલાકાર બાળકો-યુવકો પ્રસ્તુતિ કરશે, જેને એક સાથે ૨૦,૦૦૦ કરતા વધુ પ્રેક્ષકો ખુલ્લા સભાગારમાં બેસીને માણી શકશે. -મહોત્સવ સ્થળે રચાયેલા ૫ વિશાળ અને પ્રભાવક પ્રદર્શન ખંડોમાં પાંચ વિવિધ થીમ દ્વારા પ્રેરણાઓ આપવામાં આવશે. જેમાં સૂર્ય ય, ટૂટ ઘર પ્રદર્શન પારિવારિક સંવાદિતાની દિશા ચીંધે છે. ઘણાં, તોક હૈં ચે વંઘન પ્રદર્શન વ્યસનોના બંધનમાંથી મુક્ત થવાની પ્રેરણા આપે છે. મરા મારત, મારા મારત પ્રદર્શન ભારતના ગૌરવની વાત માંડે છે. સંત પરમ હિતારી પ્રદર્શન પ્રમુખસ્વામી મહારાજની વિરલ પ્રતિભાનું દર્શન કરાવે છે. અહીં આઠ લાખ બબલ્સમાંથી રચાયેલી પ્રમુખસ્વામી મહારાજની કલાત્મક મૂર્તિ અનોખું આકર્ષણ જન્માવે છે. સહજાનંદ જ્યોતિ મંડપમમાં ભગવાન સ્વામિનારાયણની રોમાંચક જીવનયાત્રા સાથે જ્યોતિ ઉદ્યાનના ઝળહળાટને પણ સૌ માણી શકશે,

● મહોત્સવ સ્થળે ઠેર ઠેર સંડાસ-બાથરૂમના કુલ ૧૨૫ કરતાં વધુ પાકાં બ્લોક્સ તૈયાર કરવામાં આવ્યા છે, જેના નિર્માણથી માંડીને સ્વચ્છતા સુધીની સેવાઓમાં વિવિધ ડિગ્રીધારી ૨૨૦૦થી વધુ સ્વયંસેવકો જોડાયા છે,

★ મહોત્સવનું સંચાલન કરનારા કુલ ૪૫ કાર્યવિભાગોનું સંયોજન કરવામાટે ખાસ આઈ.ટી. વિભાગ દ્વારા નેટવર્કિંગ કરવામાં આવ્યું છે.

મહોત્સવનું એક વિશિષ્ટ આકર્ષણ એટલે બી.એ.પી.એસ. બાળનગરી. આ બાળનગરી એટલે બાળકો દ્વારા વિચારાયેલી, બાળકો માટે બનાવાયેલી, બાળકો દ્વારા સંચાલિત એક એવી નગરી કે જ્યાં વિવિધ પ્રસ્તુતિઓ બાળકોને વધુ સારા વ્યક્તિ બનવાની પ્રેરણાથી છલકાવી દેશે. ૪,૫૦૦થી વધુ બાળ-બાલિકા સ્વયંસેવકો દ્વારા સંચાલિત આ બાળનગરીને સજાવવામાં ૬,૫૦૦થી વધુ બાળપ્રવૃત્તિ કાર્યકરો સેવા આપી રહ્યા છે. કલાત્મક મેસ્કોટ, ૩ પ્રદર્શન ખંડો, સંસ્કૃતિ રત્નો, શાંતિનું ધામ, બાળસ્નેહી ઉદ્યાન, બાળમંડળ એક્સપ્રેસ જેવી વિવિધ રચનાઓ ઉપરાંત બાળનગરીના બે કલામંચોમાં ૧૫૦થી વધુ બાળકો નૃત્ય, ગીત- સંગીત, વક્તવ્યોની રમઝટ બોલાવી બાળકોને મોજ કરાવશે અને તેમની સુષુપ્ત શક્તિઓ ખીલવવાની પ્રેરણા આપશે.

મહોત્સવ સ્થળે ઉમટનારા લાખો દર્શનાર્થીઓની પાર્કિંગની વ્યવસ્થા માટે અઢી હજાર કરતા વધારે સ્વયંસેવકો ખડે પગે સેવા બજાવવા ઊભા રહેશે.

વિશાળ મહોત્સવ સ્થળની સ્વચ્છતા માટે પણ આગવું આયોજન કરવામાં આવ્યું છે. પ્રમુખસ્વામી મહારાજ નગરના પ્રત્યેક વિભાગની સ્વચ્છતા માટે વિવિધ પ્રકારની સ્વચ્છતા-મશીનરીઓ સાથે અઢી હજાર સ્વયંસેવકો સજ્જ છે. અહીં કચરામાંથી ખાતર કે અન્ય વસ્તુઓ એટલે કે વેસ્ટમાંથી બેસ્ટ બનાવવા માટે પણ વિવિધ આયોજનો કરવામાં આવ્યા છે, જેમાં ફેંકી દેવાયેલી પાણીની બોટલોમાંથી કચરા ટોપલીઓ જેવી રચનાઓ બનાવીને પર્યાવરણની સંભાળનો પણ ખ્યાલ કરવામાં આવ્યો છે. મહોત્સવ સ્થળના નિર્માણમાં અત્યાર સુધીમાં કુલ ૬૦,૦૦૦થી વધુ સ્વયંસેવકો આથી ચૂક્યા છે. મહોત્સવ સ્થળની આ તમામ વ્યવસ્થાઓને જાળવવા માટે ૮૦,૦૦૦થી વધુ સ્વયંસેવકો સેવા આપવા માટે તા. ૧૨ ડિસેમ્બરથી મહોત્સવના અંત સુધી કાર્યરત રહેશે. ● મહોત્સવના વિવિધ કાર્યક્રમોથી ૩૦ દિવસ સુધી મહોત્સવના વિવિધ સભામંડપો ગુંજતા રહેશે, જેમાં આધ્યાત્મિક વ્યાખ્યાનો, વિદ્વત્તાસભર સેમિનારો અને પરિષદો, પ્રોફેશનલ્સ સંમેલનો સહિત વિવિધ કાર્યક્રમોનો સમાવેશ થાય છે. તા. ૧૪ ડિસેમ્બરે સાંજે ૫.૦૦ થી ૭.૩૦ દરમ્યાન મહોત્સવના પ્રેરણામૂર્તિ પૂજ્ય મહંત સ્વામી મહારાજ અને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના હસ્તે વિરાટ જનમેદનીની ઉપસ્થિતિમાં મહોત્સવનું શાનદાર ઉદઘાટન થશે, -નારી ઉત્કર્ષ મંડપમમાં રોજ બપોરે ૨.૩૦ થી ૪.૩૦ દરમ્યાન મહિલા કાર્યક્રમોની અદભુત પ્રસ્તુતિઓ થશે, જેમાં ભારત અને વિદેશના મહિલા મહાનુભાવો પણ મંચ પરથી વિદ્વત્તાસભર સંબોધનોનો લાભ આપશે. 'નારાયણ સભાગૃહમાં રોજ સાંજે ૫.૦૦ થી ૭.૩૦ દરમ્યાન રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરની હસ્તીઓની ઉપસ્થિતિમાં હજારોની મેદની વચ્ચે વિવિધ વિષયક સભાકાર્યક્રમો થશે. જેમ કે -તા. ૧૫ ડિસેમ્બરે ગૃહમંત્રીશ્રી અમીતભાઈ શાહથી લઈને દેશ-વિદેશના મહાનુભાવોની ઉપસ્થિતિમાં ૩૦ દિવસીય કાર્યક્રમોના ઈન્ટરનેશનલ કન્વેન્શન ફોર બેટર લિવિંગ'નો આરંભ થશે. તા. ૧૮-૧૯ ડિસેમ્બરે મંદિર શિલ્પ સ્થાપત્ય પર કોન્ફરન્સની સાથે વિશિષ્ટ મહાનુભાવો લાભ આપશે. તા. ૨૦ ડિસેમ્બરે આંતરરાષ્ટ્રીય સંવાદિતા દિને તમામ ધર્મોના વડાઓ એકત્રિત થઈને મંચ પરથી એકતાનો સંદેશ આપશે. તા. ૨૧ અને ૨૨ના રોજ અનુસૂચિતજાતિ અને અનુસૂચિત જનજાતિઓના ઉત્કર્ષ અંગે કાર્યક્રમો થશે, જેમાં ભારતના વિવિધ પ્રાંતોના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહેશે. તા. ૨૫ ડિસેમ્બરે રાષ્ટ્રીય સંતસંમેલન યોજાશે, જેમાં શ્રીમદ્ શંકરાચાર્યજી સ્વામીશ્રી સદાનંદજી મહારાજની ઉપસ્થિતિમાં વિવિધ મઠ-સંપ્રદાય-અખાડાઓના પૂર્વ-પશ્ચિમ-ઉત્તર-દક્ષિણના પ્રતિનિધિરૂપ સેંકડો સંતો ઉપસ્થિત રહેશે અને સંત મહિમાનું ગાન કરશે. પૂજ્ય સ્વામીશ્રી અવધેશાનંદજી મહારાજ, પૂજ્ય સ્વામીશ્રી ચિદાનંદ સરસ્વતીજી મહારાજ, પૂજ્ય અવિચલદાસજી મહારાજ, પૂજ્ય શ્રી પરમાત્માનંદજી મહારાજ, પૂજ્ય શ્રી શ્રી રવિશંકરજી, જૈનાચાર્ય પૂજ્ય શ્રી અભયદેવસૂરિશ્વરજી મહારાજ વગેરે સહિત સંતો લાભ આપશે. તા. ૨૬ ડિસેમ્બરે સ્વામિનારાયણીય સંતસાહિત્યની છણાવટ કરતું વિદ્વત સંમેલન થશે. તા. ૩૧ ડિસેમ્બરે ભારતની સંસ્કૃત યુનિવર્સિટીઓના ઉપકુલપતિઓ અને વિદ્વાનોની ઉપસ્થિતિમાં વિશિષ્ટ તત્ત્વજ્ઞાન સમારોહ યોજાશે, જેમાં પ્રકાંડ વિદ્વાનો દાર્શનિક સંવાદો કરશે. તા. ૩-૪ જાન્યુઆરીએ બાળ-યુવા સંમેલનો યોજાશે, જેમાં દેશ-વિદેશના બાળકો-યુવાનોની રોમાંચક રજૂઆતો થશે. તા. ૫ અને ૧૦ જાન્યુઆરીએ આંતરરાષ્ટ્રીય મહિલા કાર્યક્રમો યોજાશે. તા. ૬ થી ૧૧ જાન્યુઆરી દરમ્યાન નોર્થ અમેરિકા દિન, યુ.કે.-યુરોપ દિન, આરદેશો દિન, આફ્રિકા ખંડ દિન, ઓસ્ટ્રેલેશિયા દિન વગેરે કાર્યક્રમો દ્વારા જુદા જુદા દેશોના રાજદૂતો અને પ્રખર નેતાઓની ઉપસ્થિતિમાં વિવિધ પ્રસ્તુતિઓ થશે, તા. ૧૫ જાન્યુઆરીએ મહોત્સવનો શાનદાર પૂર્ણાહુતિ સમારોહ લાખોની જનમેદની વચ્ચે યોજાશે. ગીત-સંગીત-નૃત્ય અને વિખ્યાત સંતો-મહંતો-મહાનુભાવોના વ્યાખ્યાનો સાથે મહોત્સવ સ્થળની પ્રત્યેક સાંજ વિવિધ પ્રેરણાઓથી છલકાતી રહેશે. આ કાર્યક્રમોમાં ઉપસ્થિત રહેનારા મહાનુભાવોમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી અને ઉપરાષ્ટ્રપતિ શ્રી જગદીપ ધનખડજી, શ્રી અમીતભાઈ શાહ, લોકસભાના અધ્યક્ષ શ્રી ઓમ બિરલા, વિદેશમંત્રી શ્રી જયશંકર તેમજ વિદેશના મહાનુભાવો સહિત અગ્રણીઓ ઉપસ્થિત રહેશે.

● મહોત્સવ સ્થળે દરરોજ બપોરે ૨.૦૦ વાગ્યાથી રાત્રે ૯.૦૦ વાગ્યા સુધી પ્રવેશ મળશે, રવિવારે સવારે ૯.૦૦ વાગ્યાથી રાત્રે ૯.૦૦ વાગ્યા સુધી પ્રવેશ મળશે, રોજ રાત્રે ૧૦,૦૦ વાગ્યે મહોત્સવ સ્થળ બંધ થશે

•Printer/Publisher/Owner & Editor : Mahesh N. Patel. •Printed At :-Captial Offset 801/1,G.i.d.c.,Sector-28 Gandhinagar,Gujarat-382028 •Published -At A-3,Plot No R-13,Tanishq Complex, New Greencity, Sector-26,Gandhinagar(Gujarat)382028